અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ જુલાઈ ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ ૫ | અંક : ૩૪૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક નિર્ણય** | છૂટાછેડા લીધેલી પત્નીને ભરણપોષણ ચૂકવવાના નિર્દેશને પડકારતી અરજી ફગાવી

# તલાક બાદ મુસ્લિમ મહિલાઓ પણ ભરણપોષણની હકદાર

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

છૂટાછેડા લીધેલ મુસ્લિમ મહિલા ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૨૫ હેઠળ તેના પતિ પાસેથી ભરણપોષણની માંગ કરી શકે છે, સુપ્રીમ કોર્ટે આજે ચુકાદો આપ્યો છે. જસ્ટિસ બીવી નાગરથના અને જસ્ટિસ ઑગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે CrPC હેઠળ છૂટાછેડા લીધેલી પત્નીને ભરણપોષણ ચૂકવવાના નિર્દેશને પડકારતી મુસ્લિમ વ્યક્તિની અરજીને ફગાવી દેતાં મોટો ચુકાદો આવ્યો. ન્યાયાધીશ નાગરથનાએ કહ્યું, "અમે આથી મુખ્ય નિષ્કર્ષ સાથે ફોજદારી અપીલને ફગાવીએ છીએ કે કલમ ૧૨૫ તમામ મહિલાઓને લાગુ પડશે અને માત્ર પરિણીત મહિલાઓને જ નહીં," જસ્ટિસ નાગરથનાએ કહ્યું. જસ્ટિસ નાગરથના અને જસ્ટિસ મસીહે અલગ-અલગ, પરંતુ એકસાથે ચુકાદો આપ્યો.

બેન્ચે સ્પષ્ટ કર્યું કે ભરણપોષણ મેળવવાનો કાયદો તમામ પરિણીત મહિલાઓને લાગુ પડે છે, પછી ભલે તે કોઈપણ ધર્મની હોય. કોર્ટે કહ્યું કે ભરણપોષણ એ ચેરિટી નથી, પરંતુ પરિણીત મહિલાઓનો અધિકાર છે. જસ્ટિસ નાગરથનાએ કડક ટિપ્પણીમાં કહ્યું, "કેટલાક પતિઓ એ હકીકત વિશે સભાન નથી કે પત્ની, જે ગૃહિણી છે, તે ભાવનાત્મક રીતે અને અન્ય રીતે તેમના પર નિર્ભર છે. સમય આવી ગયો છે જ્યારે ભારતીય પુરુષે ગૃહિણીની ભૂમિકાને ઓળખવી જોઈએ અને બલિદાન." મોહમ્મદ અબ્દુલ સમદની અરજી પર સીમાચિહ્નરૂપ ચુકાદો આવ્યો છે, જેને ફેમિલી કોર્ટ દ્વારા તેની છૂટાછેડા લીધેલી પત્નીને માસિક ભથ્થું ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. શ્રી સમદે આ નિર્દેશને પડકાર્યો હતો, પરંતુ તેલંગાણા હાઈકોર્ટે હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો. ત્યારપછી તેમણે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. તેમના વકીલે દલીલ કરી હતી કે છૂટાછેડા લીધેલ મુસ્લિમ મહિલાઓ મુસ્લિમ મહિલા (છૂટાછેડા પરના અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬નો આશરો લઈ શકે છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તે કલમ ૧૨૫ સીઆરપીસી કરતા ઘણું વધારે પ્રદાન કરે છે. તેમણે એવી પણ દલીલ કરી હતી કે એક વિશેષ કાયદો - અધિનિયમનો સંદર્ભ લેતો - સામાન્ય કાયદા પર પ્રબળ રહેશે. આ ચુકાદાના મહત્વને સમજવા માટે, ૧૯૮૫માં શાહ બાનો કેસ પર પાછા જવાની જરૂર છે. આ સીમાચિહ્નરૂપ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે CrPC ની કલમ ૧૨૫ દરેકને લાગુ પડે છે, પછી ભલે તેનો ધર્મ કોઈ પણ હોય. જો કે, મુસ્લિમ મહિલા (છૂટાછેડા પરના અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ દ્વારા આને પાતળું કરવામાં આવ્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે મુસ્લિમ મહિલા છૂટાછેડાના ૯૦ દિવસ પછી - ઈદ્દત દરમિયાન જ ભરણપોષણ માંગી શકે છે.



### ભરણપોષણ એ ચેરિટી નથી, પરંતુ પરિણીત મહિલાઓનો અધિકાર

**૨૦૦૧માં, સર્વોચ્ચ અદાલતે ૧૯૮૬ના કાયદાની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું, પરંતુ ચુકાદો આપ્યો હતો કે તેની છૂટાછેડા લીધેલી પત્નીને ભરણપોષણ પૂરું પાડવાની પુરુષની જવાબદારી જ્યાં સુધી તે ફરીથી લગ્ન ન કરે અથવા પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ ન બને ત્યાં સુધી લંબાય છે. આજનો આદેશ છૂટાછેડા લીધેલી મહિલાના સીઆરપીસી હેઠળ ભરણપોષણ મેળવવાના આદેશને વધુ એકીકૃત કરે છે, પછી ભલે તે તેના ધર્મના હોય.**

---

બંને દેશોએ નવી સંભાવનાઓની ઓળખ કરી : પીએમ મોદી

## મોદી ૪૧ વર્ષમાં ઓસ્ટ્રિયાની મુલાકાત લેનારા પહેલા ભારતીય વડાપ્રધાન

| (એજન્સી) વિયેના તા.૧૦ |




વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની રશિયાની મુલાકાત બાદ આજે ઓસ્ટ્રિયાની મુલાકાતે છે. અહીં તેમણે ભારત-ઓસ્ટ્રિયાનું સંયુક્ત ઘોષણાપત્ર જાહેર કર્યું છે. આ દરમિયાન તેમણે ભારત-ઓસ્ટ્રેયિના સંબંધોનો વિકાસ, રશિયા-યુક્રેન યુદ્ધ, વિશ્વભરમાં ચાલી રહેલો સંઘર્ષ, આતંકવાદ સહિતના મુદ્દે વાતચીત કરી હતી. વડાપ્રધાનની આ યાત્રાની સૌથી મહત્વની વાત એ છે કે, ૪૧ વર્ષમાં પહેલીવાર કોઈ ભારતીય વડાપ્રધાન ઓસ્ટ્રિયાની મુલાકાતે છે. તેમણે કહ્યું કે, 'મારી આ યાત્રા ખાસ અને ઐતિહાસિક છે. બંને દેશો વચ્ચે દાયકાઓ સુધી સહકાર જળવાઈ રહે તે માટે અમે બ્લૂ પ્રિન્ટ તૈયાર કરી છે. આજે મારી અને ચાંસલર નેહમર વચ્ચે સાર્થક વાતચીત થઈ છે. અમે બંને દેશોના સહયોગને વધુ મજબૂત કરવા માટે નવી સંભાવનાઓની ઓળખ કરી છે. અમે નિર્ણય લીધો છે કે, સંબંધોને વ્યૂહાત્મક દિશા આપવામાં આવશે. અમે બંનેએ આતંકવાદની કડક નિંદા કરી છે.' વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'મેં અને ચાંસલર નેહમરે વિશ્વમાં ચાલી રહેલા વિવાદો, રશિયા-યુક્રેન સંઘર્ષ, પશ્ચિમ એશિયાની સ્થિતિ સહિત તમામ મુદ્દે વિસ્તારથી ચર્ચા કરી છે.

---

ઉન્નાવમાં લખનઉ-આગરા એક્સપ્રેસ વે નજીક અકસ્માત

## સ્લીપર બસ દૂધના ટેન્કરમાં ઘૂસી જતા ૧૮ લોકોના મોત

### ૨૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા : એસડીએમ નમ્રતા સિંહે પહેલા ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી




| (એજન્સી) ઉન્નાવ, તા.૧૦ |

ઉન્નાવમાં લખનઉ-આગરા એક્સપ્રેસ વે નજીક બુધવાર સવારે એક ભીષણ માર્ગ અકસ્માત સર્જાયો હતો. બેહટા મુજાવર ક્ષેત્રમાં ગઢા ગામ નજીક એક સ્લીપર બસ તેની આગળ ચાલતા દૂધના ટેન્કરમાં ઘૂસી ગઈ હતી. દુર્ઘટનામાં એક બાળક સહિત ૧૮ લોકોનાં કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતા. જોકે ૨૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. એસડીએમ નમ્રતા સિંહે પહેલા ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી અને સીએચસીમાં ઈજાગ્રસ્તો સાથે મુલાકાત કરી ઘટના વિશે જાણવાનો પ્રયાસ કર્યો હતો. ડૉક્ટરોને પણ સારવારમાં ઝડપ દાખવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. પોતાન ઘરેથી સપનાના સજાવીને કમાવા માટે નીકળેલા આ લોકોને ક્યાં ખબર હતી કે તેમને સપના સાથે તેઓ પણ દમ તોડી દેશે. મનમાં હજારો સપના હતા, પૈસા કમાશે, પરિવારને આપશે અને પરત ઘરે ફરી પોતાના સપનોના આશિયાના બનાવશે. મનમાં કેટલાય સપનાઓ લઈને બસમાં સવાર થયેલા આ લોકોને ક્યાં ખબર હતી કે તેમના સપના ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં તૂટી જશે. યુપીના ઉન્નાવમાં બુધવારના રોજ થયેલા માર્ગ અકસ્માતમાં ચારેકોર ચીસો ગુંજી ઉઠી હતી. બિહારના સીતામઢી, શિવહર જિલ્લાથી લઈને ચંપારણ જિલ્લા સુધી આ ચીસો સંભળાઈ હતી. વાસ્તવમાં, સીતામઢીથી એક સ્લીપર બસ દિલ્હી આવી રહી હતી. પરંતુ રસ્તામાં જ ઉન્નાવ નજીક લખનૌ-આગ્રા હાઈવે પાસે એક ભયંકર માર્ગ અકસ્માતનો શિકાર થઈ હતી. ઝડપી રફતારને કારણે ડબલ ડેકર બસ અચાનક દૂધ કન્ટેનર સાથે અથડાતા ચારેકોર લાશોનો ઢેર થઈ ગયો હતો. બિહારના સીતામઢીમાં સવાર લોકો દિલ્હી પોતાના સપનાઓ અને નવી આશાઓ લઈને જઈ રહ્યા હતા. પરંતુ તેઓને ક્યાં ખબર હતી કે તેમની આશાઓ અને સપનાઓ ચકનાચૂર થઈ જશે. ઉન્નાવ પહોંચતા જ ૧૮ લોકોની જીંદગીનો ખેલ ખત્મ થઈ ગયો હતો. ડબલ ડેકર બસમાં સવાર લોકો મીઠી નિંદર માળી રહ્યા હતા. ઘોર નિંદ્રામાં મોતને ભેટી જનાર લોકોને બચવા માટે એક મોકો પણ મળ્યો ન હતો. બસમાં સવાર કેટલાક લોકો તો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. આ દુર્ઘટનામાં ૨૦ લોકો ઘાયલ થયા હતા, જેની સારવાર ચાલી રહી છે.

---

## બિહારનામાં બલિયા-સિમર જતા રસ્તા પર બનેલો પુલ પડી ગયો

| (એજન્સી) પટણા, તા.૧૦ |

બિહારમાં કેમેય કરી પુલ પડવાની ઘટના અટકવાનું નામ નાથી લઈ રહી. એક પછી એક પુલ ધરાશાયી થવાની ઘટના ચાલુ જ છે. હવે બિહારના સહરસાના મહિશી બ્લોક હેઠળના કુંડાહ પંચાયતમાં પ્રાણપુર NH ૧૭ થી બલિયા-સિમર જતા રસ્તા પર બનેલો પુલ પડી ગયો છે. બુધવારે પૂરના પાણીના દબાણને કારણે તૂટી પડ્યો હતો. પુલ ધરાશાયી થયાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૦માં, બિહાર સરકારમાં જેડીયુ ક્વોટામાંથી મંત્રી બનેલા રત્નેશ સદાની ગૃહ પંચાયતમાં ગ્રામીણ બાંધકામ વિભાગ દ્વારા એક પુલ બનાવવામાં આવ્યો હતો, જે તૂટી પડ્યો હતો. સ્થાનિક લોકોએ જણાવ્યું કે આ પુલ મહિશી બ્લોકના બલિયા સિમર, કુંડાહ અને નવહટ્ટા બ્લોક વિસ્તારના દરહર અને સતૌરને જોડતો હતો. બલિયા સિમર પાસે એક પુલ બનાવવામાં આવ્યો હતો.

---

મુંબઈ હિટ એન્ડ રન કેસ મામલો

## મિહિર શાહના પિતા-શિવસેનાના નેતા રાજેશ શાહ સામે કાર્યવાહી

| (એજન્સી) મુંબઈ, તા.૧૦ |

મુંબઈમાં જીવલેણ હિટ એન્ડ રન કેસમાં તેમના પુત્ર મિહિર શાહની કથિત સંડોવણીના વિવાદ વચ્ચે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેનાએ બુધવારે રાજેશ શાહને ડેપ્યુટી લીડરના પદેથી હટાવ્યા હતા. રાજેશ શાહની ધરપકડ અને ત્યારબાદ જામીન પર છૂટ્યાના થોડા જ દિવસોમાં આ કાર્યવાહી કરવામાં આવી છે.




શિવસેનાના સેક્રેટરી સંજય મોરેએ કહ્યું છે કે રાજેશ શાહને ડેપ્યુટી લીડરના પદ પરથી મુક્ત કરવામાં આવ્યા છે. જોકે તેઓ પાર્ટીના સભ્ય તરીકે ચાલુ રહેશે. ૨૪ વર્ષીય મિહિર શાહની મંગળવારે વિરારના એક રિસોર્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી. રવિવારે જ્યારે તે તેની મ્સઉ કાર લઈને જઈ રહ્યો હતો, ત્યારે કારની અડફેડે ટુ-વ્હીલર લઈને જઈ રહેલું દંપતિ આવી ગયું હતું. અકસ્માતમાં ૪૫ વર્ષીય મહિલાનું ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે તેના પતિને ઈજા થઈ હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અકસ્માત પછી મિહિરે તેના ડ્રાઈવર સાથે સીટ બદલાવી નાંખી હતી. બાદમાં તે ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. તેણે દાઢી મુંડાવીને પોતાનો વેશપલટો કરવાનો પ્રયાસ કર્યો હોવાની વાત પણ પોલીસ સમક્ષ કબુલી હતી. એકનાથ શિંદેના નજીકના સાથી રાજેશ શાહની રવિવારે આ કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસનો દાવો છે કે તેણે સક્રિયપણે તેના પુત્રને ભાગવામાં મદદ કરી હતી અને પરિવારના ડ્રાઈવરને આ ઘટના માટે ફોલોઅપ લેવા માટે સૂચના આપી હતી. રાજેશ શાહ પર ખોટી માહિતી આપવા અને પુરાવાનો નાશ કરવાનો આરોપ છે. મિહિર શાહ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે, તેને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. વધુ તપાસ માટે પોલીસ તેની કસ્ટડી માંગશે.

---

## મુંદ્રા જમીન મામલે ગુજરાત હાઈકોર્ટના આદેશ પર સ્ટે

### ગુજરાત હાઈકોર્ટે એક જનહિત અરજી પર સુનાવણી હાથ ધરી જેમાં જમીન ફાળવણીને પડકારવામાં આવી હતી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

ગુજરાત સરકાર દ્વારા ૧૦૮ હેક્ટર જમીન પાછી લેવા વિરુદ્ધના અદાણી પોર્ટ્સ અને એસઈઝેડ લિમિટેડની અરજી પર સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ સહમત થઈ ગઈ છે. કોર્ટે અદાણી પોર્ટ્સ પાસેથી ૧૦૮ હેક્ટર જમીન પાછી લેવાના નિર્દેશ આપતા ગુજરાત હાઈકોર્ટના આદેશ પર રોક લગાવી છે. સુપ્રીમ કોર્ટે આ કેસમાં ગુજરાત સરકારને નોટિસ પાઠવીને જવાબ પણ માંગ્યો છે. અત્રે જણાવવાનું કે અદાણી પોર્ટ્સને કચ્છ વિસ્તારમાં ૧૦૮ હેક્ટર જમીન ફાળવવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે એક જનહિત અરજી પર સુનાવણી હાથ ધરી જેમાં જમીન ફાળવણીને પડકારવામાં આવી હતી. જનહિત અરજીમાં સ્થાનિક સમુદાય માટે ગૌચર જમીનના નુકસાનનો હવાલો આપવામાં આવ્યો હતો. ૨૦ વર્ષ પહેલા અદાણી સમૂહને જે જમીન ફાળવવામાં આવી હતી તે ફાળવણી રદ કરવાનો નિર્દેશ અપાયો હતો. વાત જાણે એમ છે કે ગુજરાત સરકારે શુક્રવારે હાઈકોર્ટને જાણ કરી કે તે લગભગ ૧૦૮ હેક્ટર ગૌચર જમીન પાછી લઈ લેશે જે ૨૦૦૫માં રાજ્યના કચ્છ જિલ્લામાં મુંદ્રા પોર્ટ પાસે અદાણી સમૂહના એક યુનિટને આપવામાં આવી હતી. કચ્છના નવીનાળગામના રહીશો દ્વારા અદાણી પોર્ટ્સ એન્ડ એસઈઝેડ લિમિટેડને ૨૩૧ એકર ગૌચર જમીન ફાળવણી કરવાના નિર્ણય વિરુદ્ધ હાઈકોર્ટમાં જનહિત અરજી દાખલ કર્યાના ૧૩ વર્ષ બાદ સરકારે આ નિર્ણય લીધો છે. જો કે રાજ્યના રેવન્યૂ વિભાગે ૨૦૦૫માં ફાળવણી કરી હતી પરંતુ ગ્રામીણોને આ અંગે ત્યારે ખબર પડી જ્યારે ૨૦૧૦માં એપીએસઈઝેડે ગૌચર જમીન પર વાડ લગાવવાનું શરૂ કર્યું. રહીશોના જણાવ્યાં મુજબ એપીએસઈઝેડને ૨૭૬ એકરમાંથી ૨૩૧ એકર જમીન ફાળવ્યા બાદ ગામમાં ફક્ત હવે ૪૫ એકર ગૌચર જમીન વધી છે. તેમણે એવો પણ તર્ક આપ્યો કે આ પગલું ગેરકાયદેસર છે, કારણ કે ગામમાં પહેલેથી જ ગૌચર જમીનની કમી છે. આ ઉપરાંત તેમણે દાવો કર્યો કે આ જમીન સાર્વજનિક છે અને સામુદાયિક સંસાધન છે.

---

૩૦ લાખ લોકોના ઘરની વીજળી ગુલ

## અમેરિકાના ટેક્સાસમાં બેરિલ વાવાઝોડુંએ તબાહી મચાવી

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ |

અમેરિકાના ટેક્સાસમાં બેરિલ વાવાઝોડું તબાહી મચાવી રહ્યું છે. વાવાઝોડાને કારણે વૃક્ષો પડી જવાથી અને ભારે પૂરના કારણે આઠ લોકોના મોત થયા હતા. આ બાબતે અધિકારીઓએ જણાવ્યું હતું કે, ટેક્સાસમાં સાત લોકો અને લ્યુઈસિયાનામાં એક વ્યક્તિનું મોત થયું છે. ટેક્સાસમાં ૩ મિલિયન ઘરો અને વ્યાપારી સંસ્થાઓમાં વીજળી ગુલ થઈ ગઈ છે. નેશનલ હરિકેન સેન્ટરે સોમવારે સાંજે જણાવ્યું હતું કે બેરિલ વાવાઝોડું માટાગોર્ડા નજીક કેટેગરી ૧ના વાવાઝોડા તરીકે નોંધવામાં આવ્યું હતું. જેના કારણે શાળાઓ, વ્યાપારી સંસ્થાઓ, ઓફિસો અને નાણાકીય સંસ્થાઓ બંધ કરવામાં આવી હતી. ત્યારબાદ આ વાવાઝોડું હ્યુસ્ટનમાં જતા પહેલા માટાગોર્ડામાં ભારે વરસાદને કારણે નબળું પડી ગયું છે. યુએસ નેશનલ હરિકેન સેન્ટરે જણાવ્યું હતું કે બેરિલ મંગળવારે નબળું પડ્યું હતું અને ૩૦ માઈલ (૪૫ કિલોમીટર) પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ઉત્તરપૂર્વ તરફ આગળ વધી રહ્યું હતું, જોકે, તે હજુ પણ પૂર અને ભારે પવન સર્જી શકે છે. હ્યુસ્ટનમાં ૩ મિલિયનથી વધુ લોકો જોરદાર પવન અને પૂરથી ખરાબ રીતે પ્રભાવિત થયા છે. ગયા અઠવાડિયે બેરિલ વાવાઝોડું જમૈકા, ગ્રેનાડા અને સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સમાં ત્રાટક્યું હતું, જેમાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા હતા.

---

પુતિન-મોદીની મિત્રતા જોઈ અમેરિકાના સૂર બદલાયાં

## ભારત જ રશિયા-યુક્રેન યુદ્ધને અટકાવી શકે છે : અમેરિકા

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બે દિવસીય રશિયા પ્રવાસ પર હતાં. તેમની પુતિન સાથેની બેઠક પર અમેરકા અને ચીન સહિત અનેક દેશોની નજર હતી. રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે પ્રથમ વખત વડાપ્રધાન મોદી રશિયા પહોંચ્યા હતાં, જ્યાં રાષ્ટ્રપતિ પુતિન સાથે મુલાકાત દરમિયાન યુદ્ધ અંગે પણ ચર્ચા-વિચારણા કરી હતી. બંને નેતાઓ વચ્ચે રશિયા-યુક્રેન યુદ્ધ પર ચર્ચામાં વડાપ્રધાન મોદીએ સ્પષ્ટપ ણે રશિયા-યુક્રેન યુદ્ધમાં મૃત્યુ પામનારા લોકો ખાસ કરીને બાળકો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમજ આ વિવાદનો ઉકેલ વાતચીત દ્વારા લાવવા અપીલ કરી હતી. યુદ્ધમાં અમેરિકા યુક્રેનના સમર્થનમાં છે, વડાપ્રધાન મોદીના રશિયા પ્રવાસ પર અમેરિકાએ પ્રતિક્રિયા આપી છે કે, રશિયા અને ભારત વચ્ચે સારા સંબંધના કારણે આ યુદ્ધ પર લગામ લાગી શકે છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કરિન જિન-પિયરે વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ પુતિનની મુલાકાત અંગેના સવાલમાં જવાબ આપ્યો હતો કે, ભારત અને અમેરિકા એ વ્યૂહાત્મક ભાગીદાર છે. બંને દેશો વચ્ચે દરેક મુદ્દે સ્પષ્ટ વાતચીત થવી જોઈએ. ભારત સહિત તમામ દેશ સ્થાયી શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસોને સમર્થન આપે છે. અમેરિકાનું માનવુ છે કે, ભારત પાસે એવી ક્ષમતા છે કે, તે રશિયા સાથે વાતચીત કરી આ યુદ્ધ અટકાવી શકે છે.

---

રોડ પર એક મહિલાનો અકસ્માત થયો હતો

## સીએમ શિંદે કારમાંથી નીચે ઉતર્યા અને મહિલાની મદદ કરી

| (એજન્સી) મુંબઈ, તા.૧૦ |

મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે સાથે સંબંધિત એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. સીએમનો કાફલો પસાર થઈ રહ્યો હતો ત્યારે રોડ પર એક મહિલાનો અકસ્માત થયો હતો.

આ અકસ્માત પછી એકનાથ શિંદેએ ઘાયલ મહિલાને રસ્તા પર બેઠેલા જોયા અને પોતાના વીઆઈપી સ્ટેટસ અને સુરક્ષાની પરવા કર્યા વિના માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સીએમ શિંદે પોતે પોતાની કારમાંથી નીચે ઉતર્યા અને મહિલાની મદદ કરી. વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે તે રસ્તા પાસે ટ્રેક પર બેઠેલી આ પીડિત મહિલા પાસે ગયા અને પૂછી રહ્યા છે કે શું થયું. નજીકમાં ઉભેલા લોકોએ આ ઘટનાનો વીડિયો બનાવ્યો. મહિલાની સાથે અન્ય એક વ્યક્તિને પણ ઈજા થઈ હતી. દરમિયાન એક એમ્બ્યુલન્સ આવે છે જેમાં ઘાયલોને લઈ જવામાં આવે છે. સીએમ આ બધા સમયે સાથે જોવા મળે છે અને અધિકારીઓને કેટલીક સૂચનાઓ આપતા પણ જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ મુંબઈના વરલી વિસ્તારમાં બનેલી મ્સઉ હિટ એન્ડ રનની ઘટનાને લઈને મુખ્યમંત્રી શિંદેએ કહ્યું હતું કે આ મામલે કડક પગલાં લેવામાં આવશે. તેમણે કહ્યું કે કોઈ પણ નેતા ગમે તેટલો અમીર હોય, કોઈને પણ બક્ષવામાં આવશે નહીં.

# દેવગઢ બારીયા તાલુકાના રેઢાણા તળાવ આંગણવાડી કેન્દ્ર ખાતે સી. ડી. પી. ઓ.શ્રી દ્વારા અગ્નિશામક યંત્રના ઉપયોગ અંગેની માહિતી અપાઈ





। (માહિતી) દાહોદ, તા.૧૦ ।

દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકાના રેઢાણા તળાવ આંગણવાડી કેન્દ્ર ખાતે સી. ડી. પી. ઓ.શ્રી દ્વારા આંગણવાડી કેન્દ્રની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન ત્યાં નવીન કેન્દ્રના બાંધકામ માટેની કાર્યવાહી પણ કરવામાં આવી હતી. આ દરમ્યાન આંગણવાડી કાર્યકર અને તેડાગરને સી. ડી. પી. ઓ.શ્રી દ્વારા જરૂર પડ્યે અગ્નિશામક યંત્રનો ઉપયોગ કઈ રીતે કરવો એ પ્રેક્ટીકલ થકી શીખવવામાં આવ્યું હતું. આંગણવાડી કેન્દ્રમાં અનેક નાનકડા ભૂલકાઓ આવતા હોય છે જેની જવાબદારી આંગણવાડી તેડાગર તેમજ કાર્યકર બહેનોની હોય છે. જેથી કેન્દ્રમાં રસોડામાં આગ લાગવાના બનાવ બનવાની સંભાવનાઓ રહેલી છે તદુપરાંત શોર્ટ સર્કિટથી પણ આગના બનાવ બનવાની સંભાવનાઓ હોય છે. જેથી આગોતરી તૈયારીના ભાગરૂપે તેમજ કોઈપણ અણબનાવ ન બને તે હેતુથી કાર્યકર અને તેડાગર બહેનોને અગ્નિ શામક યંત્રનો ઉપયોગ કરતા આવડે એ મહત્વનું હોવાથી એ અંગેની પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી હતી.

## ન્યૂઝ બ્રિફ

### જૂનાગઢમાં વ્યાજખોરોનો આતંક યથાવત્, યુવાને જીવ ગુમાવ્યો

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૦ ।

જૂનાગઢમાં વ્યાજખોરોનો આતંક યથાવત્ છે. વધુ એક યુવાને વ્યાજના ચક્રમાં જીવ ગુમાવ્યો છે. વ્યાજખોરોના ત્રાસથી યુવાને જીવ ગુમાવ્યો છે. યુવાને ઝેરી દવા પી આત્મહત્યા કરી છે. તેણે મિત્રને વ્યાજે રૂપિયા અપાવ્યા હતા. આ રૂપિયા પરત લેવા માટે પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હતી. આને લઈને હવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. આમ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વ્યાજખોરોસામે તવી બોલાવી છે.

### વસ્ત્રાલમાં આતંક ફેલાવનાર કપિરાજ આખરે પાંજરે પુરાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદમાં આશરે ૫ મહિના બાદ ફરી એક વાર કપિરાજનો આંતક જોવા મળ્યો છે. વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા રહીશો કપિરાજથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વસ્ત્રાલમાં આવેલી શ્રીધર સ્પર્શ નામની સોસાયટીમાં ૧૫ વર્ષી રુદ્ર પંચાલ નામના બાળક પર કપિરાજે હુમલો કર્યો છે. બાળક પર કપિરાજે કરેલા હુમલાના ષ્ર્દંદ્દ સામે આવ્યા છે. મળતી માહિતી અનુસાર ૧૦ દિવસ અગાઉ તક્ષશિલા સોસાયટીમાં આશરે ૧૦ લોકોને કપિરાજે બચકાં ભર્યા હતા. જેના ૫ ગલે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. કપિરાજના આતંકના કારણે સોસાયટીમાં લોકોને દંડા લઈને ધ્યાન રાખવાની ફરજ પડી. આ સમગ્ર ઘટના અંગે સ્થાનિકો દ્વારા વનવિભાગને જાણ કરવામાં આવી છે.

### તલાટી કમ મંત્રી અને કમ્પ્યુટર ઓપરેટર લાંચ લેતા ઝડપાયા

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

ગુજરાતમાં ભ્રષ્ટાચાર મુક્તિની વાતો વચ્ચે હજી પણ તંત્રમાં ઘણા લોકો એવા છે જે સુધરવાનું નામ લેતા નથી. પીએમ મોદીની સ્વચ્છ વહીવટની વાતો આ લોકો ઘોળીને પી ગયા છે. સુરત ગ્રામ્યમાં કર્મચારીઓ લાંચ લેતા ઝડપાયા હતા. સુરતના માંડવીના કરંજના તલાટી કમ મંત્રી અને કમ્પયુટર ઓપરેટર લાંચ લેતા ઝડપાયા છે. જિજ્ઞેશ પટેલ અને પ્રીતેશ વસાવા એસીબીના સકંજામાં આવ્યા છે. તેઓએ મિલકતના નામમાં ફેરફાર કરવામાટે રૂ. ૫,૦૦૦ની લાંચ માંગી હતી. છેવટે વાટાઘોટી પછી રૂ. ૩,૫૦૦ની લાંચ નક્કી કરી હતી. એસીબીએ તેમને રંગે હાથ પકડ્યા હતા. હવે લાંચરુશ્વતવિરોધી ધારા હેઠળ કેસ નોંધીને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

## પ્લાસ્ટિક બેગ બનાવનાર સામે તંત્રની કાર્યવાહી

# કાપડની થેલી વાપરવામાં સંકોચ કે શરમ કરશો તો તમને જ થશે નુકસાન

**વટવામાં એક પ્લાસ્ટિકની બેગ બનાવતા કારખાનાને સીલ મરાયું : પ્લાસ્ટિકની બેગ બનાવવાની કામગીરી ચાલુ હતી**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

સામાન્ય પ્રજાના આરોગ્ય સાથે ચેડાંન થાય તે હેતુથી સરકાર દ્વારા પ્લાસ્ટિક બેગમાં વેચાણ કરવા માટેના કેટલાક ધરા-ધોરણો નક્કી કરવામાં આવ્યા છે. તે છત્તા રાજ્યમાં પ્રતિબંધ પ્લાસ્ટિક બેગ બનાવવાના કારખાનાઓ ધમ-ધમી રહયા છે. કેટલીય ફરિયાદો કરવા છત્તા થોડા સમય માટે તેને બનાવવાનું બંધ કરવામાં આવે છે અને ફરીથી ચાલુ કરી દેવામાં આવે છે.

તેની પાછળ જવાબદાર કેટલાય કારણો હોઈ શકે છે. જેમાંથી એક મહત્વ પૂર્ણ કારણ એટલેકે પ્રતિબંધિત પ્લાસ્ટિક બનવવામાં સસ્તું પડે છે તેમજ તેનું વેચાણ પણ ઝડપથી થાય છે. ફેરિયાઓને પણ તેમ વેચાણ કરવું સસ્તું પડે છે. પરતું સસ્તી બનાવટ અને વેચાણ કરવા પાછળ સામાન્ય પ્રજાના આરોગ્ય સાથે ચેડાં થયા છે તે માટે જવાબદાર કોણ ? પ્રજા તો તે પ્લાસ્ટિક બેગનો રી-યુઝ પણ કરે છે. તેથી સરકારે પ્રજાને જરૂરી માહિતી આપી પ્લાસ્ટિકમાં ખરીદી ન કરવાની સલાહ અને સમજણ આપવી જોઈએ. જેથી પ્રતિબંધિત પ્લાસ્ટિકના આ કારોબાર પર અંકુશ લાવી શકાય. તે હેતુથી અ.મ્યુ.કો. દ્વારા શહેરની સ્વચ્છતા સંદર્ભિત ઉચ્ચ ધોરણો જાળવવા તેમજ જાહેર આરોગ્ય ન ઉમદા કારણોસર કસૂરવાર ધંધાકીય એકમો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત તાજેતરમાં શહેરમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કેટલાય સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા અને પ્રતિબંધિત પ્લાસ્ટિક બનાવનાર કારખાનાઓને નોટિસ મોકલવામાં આવી હતી , જ્યારે તેની અવગણના કરનાર કારખાનાઓને સીલ મારવા સુધી પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં આજે વટવામાં એક પ્લાસ્ટિકની બેગ બનાવતા કારખાનાને સીલ મારવામાં આવ્યું છે. ત્યાં ચેકીંગ દરમિયાન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને કારખાનામાં પ્લાસ્ટિકની બેગ બનાવવાની કામગીરી ચાલુ હતી. જેથી કારખાનાને સીલ કરી ૫૦ ટન કરતા વધુ પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે. ઉપરાંત અન્ય એક ગોડાઉનમાંથી ૮૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક અને દોઢ લાખ પેપર કપનો જથ્થો મળી આવતા તે એકમને પણ સીલ કરવામાં આવ્યું છે. મળતી વિગતો મુજબ શહેરના દક્ષિણ ઝોનના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીકનો સંગ્રહ, વેચાણ તથા મેન્યુફેક્ચર કરતા એકમો વિરુધ્ધ કાર્યવાહી કરવા માટે તપાસ હાથ ધરવામાં આવી હતી.

જેમાં વટવા વોર્ડમાં ગુજરાત ઓફસેટ પાછળ ભારત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગ બનાવતા એકમને દિવસમાં કાર્યરત વોર્ડની સ્વચ્છતા સ્ક્વોડ ટીમ દ્વારા ચેકિંગ દરમ્યાન પકડવામાં આવી હતી. જેમા અંદાજીત ૫૦ ટન કરતાં વધુ પ્રતિબંધિત પ્લાસ્ટીક મળી આવ્યો છે. આ એકમમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકના દાણાં, પ્લાસ્ટીક દાણાંમાથી બનતા રોલ તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકથી બનતી બેગ બનાવતા કારખાનામાં પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગ બનાવવાની કામગીરી ચાલુ હતી. જેથી આ ધંધાકીય એકમને તાત્કાલિક અસરથી સીલ કરવામાં આવ્યું છે.

## સાબરડેરી દ્વારા પશુપાલકોને લઈ મોટો નિર્ણય

# ૨૫૮ કરોડ રૂપિયા ભાવફેર રૂપે પશુપાલકોને ચૂકવાશે

**સાબરડેરીએ નિર્ણય કરતા વચગાળાના ધોરણે હાલમાં ૯ મહિનાનો ભાવફેર ગત વર્ષના મુજબે ચૂકવી આપવામાં આવશે**

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૦ ।

સાબરડેરીએ દૂધ ઉત્પાદકોના ભાવફેરને લઈ નિર્ણય કરતા વચગાળાના ધોરણે હાલમાં ૯ મહિનાનો ભાવફેર ગત વર્ષના મુજબે ચૂકવી આપવામાં આવશે. જે ગુરુવારથી દૂધ મંડળીઓને ચૂકવી આપવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સાબરડેરી દ્વારા અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ચારેક લાખ જેટલા પશુપાલકોને લઈ મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. સાબરડેરીએ દૂધ ઉત્પાદકોના ભાવફેરને લઈ નિર્ણય કરતા વચગાળાના ધોરણે હાલમાં ૯ મહિનાનો ભાવફેર ગત વર્ષના મુજબે ચૂકવી આપવામાં આવશે. જે ગુરુવારથી દૂધ મંડળીઓને ચૂકવી આપવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે. દૂધ ઉત્પાદકો ભાવફેર અંગે રાહ જોઈ રહ્યા હતા. એક તરફ શૈક્ષણિક સત્ર જૂન માસથી શરુ થયુ છે અને બીજી તરફ ચોમાસુ વાવણીની શરુઆત થઈ છે. આવી સ્થિતિમાં ખેડૂતો અને પશુપાલકોને માટે આર્થિક સંકડામણ અનુભવાતી હોય છે. જેને લઈ હવે સાબરડેરીએ આ અંગે દૂધ ઉત્પાદકોના હિતમાં વચગાળાનો રસ્તો નિકળતા ભાવફેર ૯ માસના ધોરણે ચૂકવી આપવામાં આવશે. ભાવફેર અંગે ખેડૂતો રાહ જોઈ રહ્યા હતા, આ દરમિયાન જ હવે સાબરડેરીએ મહત્વનો નિર્ણય કર્યો છે. સાબરડેરીના મેનેજિંગ ડિરેક્ટરને આપવામાં આવેલી સત્તાની રુએ આ અંગેનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાબરડેરીના એમડી દ્વારા જાહેર કરવામાં આવેલ પરીપત્ર મુજબ સાબરડેરી દ્વારા ૨૫૮ કરોડ રુપિયા ભાવફેર રુપે પશુપાલકોને ચૂકવવામાં આવશે. જૂના નિયામક મંડળ દ્વારા મંજૂર કરવામાં આવેલ એપ્રિલ ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૩ સુધીના ૯ માસના રીટેઈન મની ચૂકવવામાં આવનાર છે. જ્યારે જાન્યુઆરી ૨૦૨૪ થી માર્ચ અંત સુધીના ત્રણ માસના રીટેન્શન મનીની રકમ અને આખા વર્ષની વાર્ષિક ચૂકવણીની રકમ પણ આવનારા સમયમાં ચૂકવવામાં આવશે.

ગત માર્ચ માસમાં સાબરડેરીની સામાન્ય ચૂંટણી યોજવામાં આવી હતી. દરમિયાન ડેરીના નિયામક મંડળના ૧૬ પૈકી ૧૫ ડિરેક્ટર બિનહરીફ ચૂંટાયા હતા. જ્યારે એક ડિરેક્ટર પદ માટે ચૂંટણી યોજાઈ હતી. આમ સામાન્ય ચૂંટણી બાદ નવુ નિયામક મંડળ ચૂંટાઈ આવ્યું છે. હવે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી માટે રાહ જોવામાં આવી રહી છે. હવે નવા ચેરમેનની નિમણૂંક થવા બાદ ભાવફેર અંગે આખા વર્ષની ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી કરવામાં આવશે. જેમાં બાકીના ત્રણ માસની રકમ અને સંપૂર્ણ વર્ષની વાર્ષિક ચૂકવણીની રકમ ચૂકવાશે.

## મહિલા ઇજાગ્રસ્ત બનવાનો બનાવ બન્યો

# જર્જરિત મકાનો હટાવા મામલાનો વિરોધ કરતા મહિલા નીચે પટકાઈ

। (એજન્સી) સુરત, તા.૧૦ ।

સુરતમાં સ્લમ ક્લિયરન્સ બોર્ડની કામગીરી દરમ્યાન મહિલા ઈજાગ્રસ્ત બનવાનો બનાવ બન્યો. સ્લમ ક્લિયરન્સ બોર્ડ દ્વારા હાલમાં જર્જરિત મકાનો હટાવી લેવા મામલે કવાયત હાથ ધરાઈ છે. સ્લમી બોર્ડની આ કવાયતનો કેટલાક લોકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો. જો કે વિરોધ કરતી વખતે અચાનક ગેલેરીનો ભાગ તૂટતા જ મહિલા પણ નીચે પટકાઈ. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. અગ્નિકાંડ ઘટના બાદ પ્રશાસન વધુ કડક બન્યું છે. સુરત શહેરમાં વહીવટંત્ર દ્વારા હાલમાં જર્જરિત મકાનો હટાવી લેવા માટેની કવાયત હાથ ધરવામાં આવી હતી. સુરત મહાનગર પાલિકા અને સ્લમ કલિયરન્સ બોર્ડ મોટી કાર્યવાહી કરતા શહેરના અનેક વિસ્તારોમાં કામગીરી હાથ ધરી હતી. આજે સવારે જ્યારે મહાનગરપાલિકાની ટીમ અને સ્લમ ક્લિયરન્સ બોર્ડના અધિકારીઓ જર્જરીત મકાનો દૂર કરવા સચિન કંસાડ વિસ્તારમાં પાણીના વીજ કનેકશન કાપવા પંહોચ્યા ત્યારે સ્થાનિકો દ્વારા ઉગ્ર વિરોધ કરાયો. સચિન કંસાડ વિસ્તારમાં વહીવટીતંત્રની કાર્યવાહીનો વિરોધ કરવા ટોળું ભેગું થઈ હતું. દરમ્યાન કેટલાક લોકો આ વિસ્તારમાં પોતાના ફલેટની ગેલેરીમાંથી વિરોધ કરી રહ્યા હતા. પરંતુ અચાનક જ ગેલેરીનો ભાગ તૂટી પડતા મહિલાઓ નીચે પટકાઈ. આ ફલેટની ગેલેરીમાં લોખંડની ગ્રીલનો ભાગ તૂટતા મહિલા નીચે પટકાઈ. આ ઘટનાનો લાઈવ વીડિયો સામે આવ્યો છે. ગેલેરી તૂટવાના કારણે મહિલા નીચે પટકાતા સામાન્ય ઈજા પહોંચી. સદનસીબે આ ઘટનામાં કોઈને ગંભીર ઈજા પંહોચી નથી.

## કાલુપુર રેલવે સ્ટેશન પરથી એક ચોંકાવનારી ઘટના સામે આવી

# નિઃસંતાન દંપતી ૧૦ મહિનાની બાળકીને ઉઠાવી ફરાર થયુ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદમાં કાલુપુર રેલવે સ્ટેશન પરથી ચોરીના તો અનેક બનાવો સામે આવતા હોય છે પરંતુ થોડા દિવસ પહેલા બાળક ચોરીની ઘટના સામે આવતા પોલીસ પણ ચોંકી ઉઠી. પ્રાપ્ત વિગતો અનુસાર એક નિઃસંતાન દંપતીએ ૧૦ મહિનાના બાળકનું અપહરણ કર્યુ હતુ. આ સમગ્ર ઘટના રેલવેસ્ટેશનના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. સીસીટીવીની મદદથી શહેર કોટડા પોલીસે આ કેસમાં રાજસ્થાનથી ચાર આરોપીની ધરપકડ કરી છે. અપહરણ કરનાર દંપતી રાહુલ માલી અને પત્ની કવિતા માલી છે. આ ઉપરાંત તેની સાથે પૂનમ સોલંકી અને રૂબિનાબાનું પઠાણની પોલીસે ધરપકડ કરી છે. ૧૦ માસની બાળકીના અપહરણ કેસમાં પોલીસે આરોપીઓની રાજસ્થાનથી ધરપ કડ કરી છે. ઘટનાની વાત કરીએ તો કાલુપુર મેટ્રો સ્ટેશન નજીક ફૂટપાથ પર રહેલી રૂકસાના બાનુ પોતાની ૧૦ માસની દીકરી સાથે ૩૦ જૂનનાં રાત્રે ફૂટપાથ પર સૂતી હતી ત્યારે આરોપીઓ બાળકીનું અપહરણ કર્યું. બાળકીનાં અપહરણને લઈને શહેરકોટડા પોલીસમાં ફરિયાદ થઈ હતી. પોલીસે વોટ્સએપ ગ્રૃપમાં બાળકીના અપહરણને લઈને માહિતી વાયરલ કરવામાં આવી હતી. જેમા ગુનાની ગંભીરતા ને આધારે ઝોન -૩ એલ.સી.બી અને શહેરકોટડા પોલીસે જુદી જુદી ટીમ બનાવીને તપાસ શરૂ કરી હતી. કાલુપુર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ પાસેના સીસીટીવી ચેક કરતા બાળકીનું અપહરણ કરી અજાણ્યા મહિલા અને પુરુષ જઈ રહ્યા હોવાનું સામે આવ્યું. આરોપી રાજસ્થાનની કાશીગુડા લાલગઢ એકસપ્રેસમાં જઈ રહ્યા હોવાનું ખૂલ્યું હતું. જેના આધારે પોલીસે ચારેય આરોપીઓની રાજસ્થાનથી ધરપકડ કરી ૧૦ માસની બાળકીને હેમખેમ છોડાવી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે પકડાયેલા આરોપી કાલુપુર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૧૨ પાસે ફૂટપાથ પર રહેતા હતા. જેમાં પતિ રાહુલ માલી અને પત્ની કવિતા માલી નિસંતાન હતા. જેથી પોતાનું બાળક મેળવવા માટે રૂકસાનાબાનુંની બાળકીનાં અપ હરણનું ષડયંત્ર રચ્યું હતું અને તેઓએ રૂબિનાબાનું અને પૂનમને પણ આ ષડયંત્ર સામેલ કર્યા હતાં. આ આરોપીઓ બાળકનું અપહરણ કરીને રાજસ્થાન લઈ જઈ રહ્યા હતા ત્યારે પોલીસે ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી આરોપીને ઝડપી લીધા હતા.

## આગામી ૪૫ દિવસ સુધી એપલવુડ રોડથી સ્કાય આર્કેડ સુધીનો રસ્તો રહેશે બંધ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદમાં ૩૦ જૂનના રોજ ભારે વરસાદ ખાબક્યો હતો. જેના પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ત્યારે એપલવુડ રોડથી સ્કાય આર્કેડ સુધીનો રસ્તો બંધ કરવામાં આવ્યો છે. ઔડાએ જાહેરનામું બહાર પાડી જાણકારી આપી છે. ઔડાની જાણકારી અનુસાર આગામી ૪૫ દિવસ સુધી એપલવુડ રોડથી સ્કાય આર્કેડ સુધીનો રસ્તો બંધ રહેશે. આ તરફ જવા માટે એસ.પી. રિંગ રોડથી ડાયવર્ઝન અપાયું છે. જેના પગલે બોપલ, શેલા સહિતના સ્થાનિકોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. ત્યારે શેલામાં સ્ટોર્મ વોટર નેટવર્કના અભાવ હોવાનું ઔડાએ કબૂલાત કરી છે. ઉલ્લેખનીય છે કે ૩૦ જૂન ૨૦૨૪ના રોજ અમદાવાદમાં ભારે વરસાદ પડતા શેલા વિસ્તાર સહિત અનેક વિસ્તારના રસ્તાઓ જળમગ્ન થયા હતા. ત્યારે શેલા વિસ્તારમાં આવેલી એપ લવુડ રોડથી સ્કાય આર્કેડ સુધીનો રસ્તો આખેઆખો બેસી ગયો છે.

## વિશેષ

**દરેક ખેડૂત પ્રાકૃતિક ખેતી અપનાવે જેથી ખર્ચ ઘટે અને આવક વધે : ખેડૂત સંજયભાઈ પાલરીયા**

# ખેડૂતને ખારેકના રોપા, વાવેતર તેમજ પ્રાકૃતિક ખેતીના સંસાધનો વસાવવા માટે સરકારશ્રીની યોજનાઓ હેઠળ મળી સહાય

। (માહિતી બ્યુરો) મોરબી ।

આપણી પુરાતન સંસ્કૃતિથી ભૂમિનું પૂજન થતું આવ્યું છે. આપણા વડવાઓએ પણ ધરતીને મહામૂલુ ધન કહ્યું છે, ત્યારે નૈસર્ગિક ઢબે એ જમીન રૂપી કિમતી ખજાનાને સાચવવાની જવાબદારી આપણી છે. સરકારશ્રી દ્વારા જમીન સંવર્ધન અને ખેડૂતોના ઉત્થાન માટે પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ખેડૂતોની આવક ડબલ કરવાના સ્વપ્નને સાકાર કરવા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને પાયાના ઘટક તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. ત્યારે મોરબી જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક ખેતીથી અવનવા આયામો સિદ્ધ કરી સમગ્ર ભારત અને વિશ્વની બજારમાં પણ ડંકો વગાડી રહ્યા છે. વર્ષ ૨૦૧૭ થી રાસાયણિક ખેતીને હંમેશા માટે અલવિદા કહી દસે દસ વીઘામાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી ખારેકની ખેતી કરી રહેલા મોરબીમાં ટંકારા તાલુકાના ગણેશપર ગામના ગણેશભાઈ પાલરીયા અને તેમના પુત્ર સંજયભાઈ પાલરીયા મબલખ આવક મેળવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીથી તેમના ખેતર અને જીવન બંનેમાં આવેલા અમૂલ પરિવર્તન વિશે વાત કરતા સંજયભાઈ પાલરીયાએ જણાવ્યું હતું કે, ૨૦૧૭ થી હું પ્રાકૃતિક ખેતી કરું છું, મારા ખેતરમાં ઈઝાયેલ ખારેકના ૨૫૦ રોપા વાવેલા છે. જેના વિકાસ અને સંરક્ષણ માટે ગાયના ગોબર અને ગૌમુત્રથી બનતા જીવામૃત અગ્નિઅસ્ત્ર વગેરેનો જ ઉપયોગ કરું છું. ૨૦૧૭માં જ્યારે ખારેકનું વાવેતર કર્યું ત્યારથી જ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. રોપા વાવતી વખતે પણ ફક્ત ગાયનું છાણ અને કાળી માટીનો જ ઉપયોગ કરેલો છે, હાલ જરૂર પડે ત્યારે ગૌમૂત્રનો છંટકાવ કરીએ છીએ જેથી જમીનમાં ભરપૂર માત્રામાં અળસિયા



અને જરૂરી તમામ બેક્ટેરિયા ઉપલબ્ધ છે. આ રોપાના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા પ્રતિ રોપાએ ૧૨૫૦ સબસીડી આપવામાં આવી છે અને તેના ખર્ચ માટે પણ પ્રતિ હેક્ટર ૪૦ હજારની સહાય મળી છે. આત્મા પ્રોજેક્ટ હેઠળ પણ પ્રાકૃતિક ખેતી માટે બેરલ સહિત સંસાધનો વસાવવા માટે ૧૩,૫૦૦ ની સહાય મળી છે. પ્રાકૃતિક ખેતીના કારણે અમને ખૂબ સારું ઉત્પાદન મળે છે. ૨૦૧૭ પહેલા રાસાયણિક ખેતીથી ખેતી કરતા ત્યારે દવા અને ખાતર સહિતના ખર્ચાઓ ખૂબ થતા જ્યારે અત્યારે ખર્ચ બિલકુલ નહિવત થઈ ગયો છે. ગાય આધારિત જ ખેતી હોવાથી ખર્ચ ઘટ્યો છે અને સામે આવક વધી ગઈ છે. ખારેકના ઉત્પાદનમાં અમને હાલ પ્રતિ એકર ૧ લાખથી વધુની આવક થાય છે, ઉપરાંત આંતરપાક ના કારણે એ આવક પણ ડબલ થઈ જાય છે. ગુજરાતના મુખ્યમંત્રી અને રાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક ખેતી માટે ખૂબ પ્રોત્સાહન આપવામાં આવે છે. ગુજરાતના ખેડૂતોને અને મને પણ ઘણું પ્રોત્સાહન મળ્યું છે અને સહાય પણ મળી છે માટે હું સરકારનો ખૂબ ખૂબ આભારી છું. સાથે અન્ય ખેડૂતોને પણ અપીલ કરું છું કે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે જેથી ખર્ચ ઘટે અને આવક વધે.

પ્રાકૃતિક ખેતી અપનાવતા ખારેકમાં પ્રસરેલી મીઠાશની સાથે પાલરીયા પરિવારમાં પણ મીઠાશ પ્રસરી છે. પ્રાકૃતિક ખેતીથી પાકતી આ ખારેકની સ્થાનિકે તો ખૂબ માંગ છે જ ઉપરાંત આ ખારેકની સુવાસ અને મીઠાશ રાજ્યની સરહદ વટાવી મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં પહોંચી ચૂકી છે. મુંબઈમાં તો આ ખારેકની માંગ એટલી છે કે લોકો ખાસ ઓર્ડર આપીને ખારેક મંગાવે છે. ખારેકના ઉત્પાદનથી વીઘે એક લાખથી વધુની આવક મળી રહે છે ત્યારે ગણેશભાઈ પાલરીયા જણાવે છે કે, મારા માટે આ આવક કરતા એ આત્મ સંતોષ મહત્વનો છે કે હું મારા પરિવારને કે અન્ય કોઈને પણ રસાયણ યુક્ત ઝેર નથી ખવડાવતો કે નથી આ માભોમને પ્રદૂષિત કરતો. દરેક ખેડૂત આવું વિચારશે તો આ ધરતી રસાયણ મુક્ત બની જશે અને દરેક લોકોને શુદ્ધ, સાત્વિક અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક મળી રહેશે.






નવી દિલ્હીમાં કૃષિ ભવન ખાતે કેન્દ્રીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના રાજ્યના કૃષિ મંત્રીઓ સાથે બેઠકો યોજી હતી.

### ખુદ રશિયાના રાષ્ટ્રપતિ પુતિને આપ્યું છે ખાસ આમંત્રણ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ મહિના પછી ફરી રશિયાની મુલાકાત લેશે

## ઓક્ટોબર મહિનામાં રશિયાના કઝાન શહેરમાં BRICS સમિટનું આયોજન થવાનું છે, પીએમ મોદી આ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે જ રશિયા પહોંચશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।**

રશિયાની બે દિવસની મુલાકાત બાદ ઓસ્ટ્રિયા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓક્ટોબર મહિનામાં ફરી એકવાર રશિયાની મુલાકાત લેશે. પીએમ મોદીની આગામી મુલાકાત માટે ખુદ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું છે.



હકીકતમાં, ઓક્ટોબર મહિનામાં રશિયાના કઝાન શહેરમાં BRICS સમિટનું આયોજન થવાનું છે. પીએમ મોદી આ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે જ રશિયા પહોંચશે. રશિયન સમાચાર એજન્સીએ રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવને ટાંકીને કહ્યું કે, 'નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેઓ રશિયન રાષ્ટ્રપતિ પુતિનનું આમંત્રણ સ્વીકારીને ખુશ છે અને ઓક્ટોબરમાં કઝાનમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં ભાગ લેશે.' તમને જણાવી દઈએ કે પુતિને પીએમ મોદીને ઓક્ટોબરમાં રશિયાના કઝાન શહેરમાં આયોજિત બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે. પીએમ મોદીને સંબોધતા પુતિને કહ્યું હતું કે આ વર્ષે ઓક્ટોબરમાં કઝાનમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં તમને જોઈને અમને આનંદ થશે.

વાસ્તવમાં, રશિયા આ વર્ષે બ્રિક્સની અધ્યક્ષતા કરી રહ્યું છે. BRICS એક આંતર-સરકારી સંસ્થા છે જેમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. સાઉદી અરેબિયા, ઈરાન, ઈથોપિયા, ઈજીપ્ત, આર્જેન્ટિના અને સંયુક્ત આરબ અમીરાત તેના નવા સભ્યો છે. તાજેતરમાં જ આઠ જુલાઈના રોજ પીએમ મોદી રશિયાની બે દિવસીય મુલાકાતે મોસ્કો પહોંચ્યા હતા. અહીં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રશિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્ર્યુ ધ એપોસ્ટલથી સન્માનિત કર્યા.

પીએમ મોદીએ આના પર પુતિનનો આભાર માન્યો. તેમણે કહ્યું હતું કે આ ૧૪૦ કરોડ ભારતીયોનું સન્માન છે. આ ભારત અને રશિયા વચ્ચે વર્ષો જૂની મિત્રતાનું પ્રતિબિંબ છે.પીએમ મોદીને જે ક્રમમાં સન્માનિત કરવામાં આવ્યા હતા તે ૧૬૯૮માં ઝાર પીટર ધ ગ્રેટ દ્વારા સ્થાપિત કરવામાં આવ્યા હતા. તેનું નામ સેન્ટ એન્ડ્રુના માનમાં રાખવામાં આવ્યું હતું, જે ઈસુના પ્રથમ પ્રેરિત અને રશિયાના આશ્રયદાતા સંત હતા. તે ફક્ત સમાન વર્ગમાં સૌથી ઉત્કૃષ્ટ નાગરિક અથવા લશ્કરી યોગ્યતા માટે જ એનાયત કરવામાં આવ્યું હતું. તેનો ઉપયોગ સદીઓથી રશિયામાં ઔપચારિક કાર્યક્રમો માટે કરવામાં આવે છે.

### રાહુલ ગાંધીને સંસદની અંદર થપ્પડ મારવી જોઈએ

**। (એજન્સી) કર્ણાટક, તા.૧૦ ।**

કર્ણાટક ભાજપના ધારાસભ્ય ભરત શેટ્ટીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું કે લોકસભામાં તેમના ભાષણ દરમિયાન હિંદુઓ વિશે કરેલી ટિપ્પણી બદલ સંસદની અંદર તેમના ગાલ પર થપ્પડ મારવી જોઈએ. રાહુલ ગાંધી પર આરોપ લગાવતા ભાજપના નેતાએ એમ પણ કહ્યું કે તેઓ જ્યાં જાય છે. તેઓ તે વિસ્તારો અનુસાર તેમના ધાર્મિક વલણમાં ફેરફાર કરે છે. કર્ણાટકના બીજેપી ધારાસભ્ય ભરત શેટ્ટીએ લોકસભામાં તેમના ભાષણ દરમિયાન હિંદુઓ વિશે કરેલી ટિપ્પણી માટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ટીકા કરી છે. ભાજપના ધારાસભ્યએ રાહુલ ગાંધી પર વાંધાજનક ટિપ્પણી કરી છે.ભાજપના ધારાસભ્યએ સોમવારે તેમના મતવિસ્તારમાં એક સભામાં બોલતા, કોંગ્રેસના નેતા પર વાંધાજનક ટિપ્પણી કરી અને કહ્યું કે રાહુલને તેમની કથિત હિન્દુ વિરોધી નીતિ માટે સંસદની અંદર ગાલ પર થપ્પડ મારવી જોઈએ. તેમણે સોમવારે તેમના મતવિસ્તારમાં એક સભામાં બોલતા આ ટિપ્પણી કરી હતી.રાહુલ ગાંધી પર આક્ષેપ કરતાં ભરત શેટ્ટીએ એમ પણ કહ્યું કે તેઓ જ્યાં જાય છે.

### ઝેલેન્સકીએ યુ.એસ.માં ગર્જના કરી

# પુતિન કેટલો સમય ટકી શકશે? શું વોશિંગ્ટન પાસે જવાબ છે...

## નરેન્દ્ર મોદીના રશિયા પ્રવાસ પર તીખી પ્રતિક્રિયા આપનાર યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી હાલમાં અમેરિકામાં

**। (એજન્સી) વોશિંગ્ટના, તા.૧૦ ।**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રશિયા પ્રવાસ પર તીખી પ્રતિક્રિયા આપનાર યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી હાલમાં અમેરિકામાં છે. તેઓ નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (નાટો)ની બેઠકમાં ભાગ લેવા વોશિંગ્ટન પહોંચ્યા છે. જેમાં તેણે રોનાલ્ડ રીગન ઈન્સ્ટિટ્યૂટના મંચ પરથી ઘણી મહત્વની વાતો કહી. ઝેલેન્સકીએ કહ્યું કે હું યુક્રેનને મદદ કરવા અને તેની સ્વતંત્રતાની રક્ષા કરવાના નિર્ધાર માટે અમેરિકાનો આભાર વ્યક્ત કરું છું. હવે રશિયન આતંકવાદને ખતમ કરવો ખૂબ જ જરૂરી બની ગયો છે.તેમણે કહ્યું કે ૨૦મી સદીમાં અમેરિકી રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગનના શબ્દો આજે પણ ખૂબ જ વાજબી લાગે છે કે શાંતિ માટેની વ્યૂહરચના હંમેશા ખૂબ જ સરળ રહી છેઃ મજબૂત રહેવું જેથી કોઈ વિરોધી એક ક્ષણ માટે વિચારે નહીં કે યુદ્ધ ફાયદાકારક છે. ઝેલેન્સકીએ કહ્યું કે રીગને



૧૯૮૮માં નાટોની વ્યૂહરચના અંગે આ વાત કહી હતી. આવી સ્થિતિમાં વોશિંગ્ટનમાં નાટો સમિટની પૂર્વ સંધ્યાએ તેમના શબ્દોનો પુનરોચ્ચાર કરવો પ્રતીકાત્મક છે. પરંતુ હવે જેમ જેમ સમય પસાર થઈ રહ્યો છે તેમ તેમ પ્રમુખ રીગનના આ શબ્દો સાથે વધુને વધુ લોકો સહમત થઈ રહ્યા છે.તેમણે કહ્યું કે આ શબ્દો અમેરિકા વિશે છે. અમેરિકા જેને વિશ્વ મૂલ્ય આપે છે. રીગને આ ભાષણ ૨૩ ફેબ્રુઆરી, ૧૯૮૮ના રોજ આપ્યું હતું. આ પછી ૨૪મી ફેબ્રુઆરીની તારીખ આવી પરંતુ એક અલગ યુગમાં. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ, રશિયાએ અમારી પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કર્યું અને અમારા પર હુમલો કર્યો. ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે આ દિવસ રીગનના વારસા અને નિયમો આધારિત વૈશ્વિક વ્યવસ્થા બંને માટે એક મોટો પડકાર હતો જેને તેઓ સાચવવા માગતા હતા. પરંતુ શું તે હવે સાચવવામાં આવ્યું છે? હવે બધા નવેમ્બરની રાહ જોઈ રહ્યા છે. અમેરિકા, યુરોપ, મિડલ ઈસ્ટ, ઈન્ડો પેસિફિક અને સમગ્ર વિશ્વની નજર નવેમ્બરમાં યોજાનારી અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી પર છે. પુતિન પણ આની રાહ જોઈ રહ્યા છે, પરંતુ આ નવેમ્બર શું લઈને આવશે તેની તૈયારી કરવાની જરૂર છે.ઝેલેન્સકીએ કહ્યું કે આ સમય કોઈના પણ પડછાયામાંથી બહાર આવવાનો છે, મજબૂત નિર્ણય લેવાનો છે, નવેમ્બર કે અન્ય કોઈ મહિનાની રાહ જોવાનો નથી પરંતુ કામ કરવાનો છે. અમારે કોઈ પણ સંજોગોમાં સમાધાન કરવાની જરૂર નથી. લોકશાહીને પુતિન અને તેની સેનાથી બચાવવી પડશે, લાખો યુક્રેનિયનોને તેમના આતંકથી બચાવવા પડશે.

### ધાર્મિક ધોરણે શપથ ગ્રહણ સમારોહ શરૂ

# ભાજપે મંત્રી હફિઝુલ હસન વિરુદ્ધ રાજ્યપાલનો સંપર્ક



**। (એજન્સી) ઝારખંડ, તા.૧૦ ।**

**ઝારખંડ ભાજપના ચૂંટણી સહ પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને નારાજગી વ્યક્ત કરી**

ઝારખંડ ભાજપના ચૂંટણી સહ પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને નારાજગી વ્યક્ત કરી અને પૂછ્યું કે શું શપથ લેવાની આ યોગ્ય રીત છે. ઝારખંડની હેમંત સોરેન સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મંત્રી હફિઝુલ હસને શપથ ગ્રહણ સમારોહ દરમિયાન ધાર્મિક રેખાથી શરૂઆત કરી હતી. ભારતીય જનતા પાર્ટીએ આની સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે. બીજેપીના ચીફ વ્હીપ વિરાનચી નારાયણ અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અમર બૌરીએ રાજભવન જઈને રાજ્યપાલને આના વિરોધમાં એક મેમોરેન્ડમ આપ્યું છે. તેણે હફીઝુલને ફરીથી શપથ લેવાની માંગ કરી છે. ત્યાં સુધી હફીઝુલને મંત્રી પદ પરથી હટાવવાની પણ માંગ કરવામાં આવી છે. ઝારખંડ ભાજપના ચૂંટણી સહ-પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને નારાજગી વ્યક્ત કરી અને પૂછ્યું કે શું શપથ લેવાની આ યોગ્ય રીત છે. ભાજપના ચીફ વ્હીપ વિરાની નારાયણે આજ તકને ફોન પર કહ્યું કે આ નવી પ્રથા બંધારણની વિરુદ્ધ છે. ત્યાં ચોક્કસપણે સ્વતંત્રતા છે કે શપથ કોઈપણ ભારતીય ભાષામાં લઈ શકાય છે પરંતુ તે ફક્ત મૂળ શપથનું ભાષાંતર હોઈ શકે છે. રાજ્યપાલ દ્વારા જે લેખિતમાં આપવામાં આવે છે તે જ વાંચવાનું રહેશે. ન તો એક પંક્તિ ઉમેરી શકાય છે કે ન તો જાતે કાઢી શકાય છે. ઝારખંડ વિધાનસભામાં વિપક્ષના નેતા અમર કુમાર બૌરી અને ચીફ વ્હીપ બિરાંચી નારાયણ સોમવારે ઝારખંડના રાજ્યપાલને મળ્યા અને એક મેમોરેન્ડમ સુપરત કર્યું. આ મેમોરેન્ડમમાં તેમણે કહ્યું કે હેમંત સોરેને તેમની મંત્રી પરિષદનો વિસ્તાર કર્યો.

# શરાબ કૌભાંડમાં કેજરીવાલ જ મુખ્ય કાવતરાબાજ હોવાનો દાવો

## ચાર્જશીટમાં કુલ ૩૮ આરોપીઓના નામ છે, દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલનો ૩૭મો નંબર છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।**

ઈડીએ દિલ્હીના શરાબ કૌભાંડમાં આરોપનામું દાખલ કર્યું છે. આ ચાર્જશીટમાં કુલ ૩૮ આરોપીઓના નામ છે જેમાં કેજરીવાલનો ૩૭મો નંબર છે. કેજરીવાલ વિશે આ આરોપનામામાં ઘણા ખુલાસા કરવામાં આવ્યા છે. કુલ ૩૮ આરોપીઓમાં કેજરીવાલનો નંબર ૩૭મો છે. આ ચાર્જશીટ મુજબ કેજરીવાલ જ મુખ્ય કિંગપિન અને કાવતરું ઘડનાર છે. આરોપનામામાં કહેવામાં આવ્યું છે કે, ગોવાની ચૂંટણીમાં ભ્રષ્ટાચારના નાણાનો ઉપયોગ થઈ રહ્યો છે તેની કેજરીવાલને જાણકારી હતી અને તે પોતે તેમાં સામેલ હતા. આ ચાર્જશિટમાં કેજરીવાલ અને અન્ય આરોપી વિનોદ ચૌહાણ વચ્ચે



થયેલી વૉટ્સએપ ચેટની વિગતો પણ આપવામાં આવી છે. આ કૌભાંડમાં એવો આરોપ છે કે તેલંગણાના બીઆરએસ પક્ષના નેતા કે. કવિતાના અંગત સચિવ વિનોદ મારફત ૨૫.૫ કરોડ રૂપિયા ગોવાની ચૂંટણી માટે આમ આદમી પાર્ટી (AAP) સુધી પહોંચાડવામાં આવ્યા હતા. આરોપનામામાં જે વૉટ્સએપ ચેટનો હવાલો આપવામાં આવ્યો છે તેના ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિનોદ અને કેજરીવાલ વચ્ચે ઘણા સારા સંબંધ હતા. ચાર્જશિટમાં ઈડીએ પ્રોસીડ ઑફ ક્રાઈમનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે, આરોપી વિનોદ ચૌહાણના મોબાઈલમાંથી હવાલા નોટ નંબરના ઘણા સ્ક્રિનશોટ મળ્યા છે. આ સ્ક્રિનશોટ અગાઉ આવકવેરા ખાતાએ પણ જપ્ત કર્યા હતા. આ સ્ક્રિનશોટ પરથી સ્પષ્ટ થાય છે કે કેવી રીતે વિનોદ ચૌહાણે પ્રોસીડ ઑફ ક્રાઈમ અર્થાત ગેરકાયદે રીતે મેળવેલી રકમ દિલ્હીથી ગોવા હવાલા દ્વારા પહોંચાડી હતી. આમ આદમી પાર્ટી દ્વારા એ નાણાનો ઉપયોગ ગોવાની ચૂંટણીમાં કરવામાં આવ્યો હતો.

ઈડીની ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે, હવાલા દ્વારા ગોવા પહોંચેલા નાણાની ગોઠવણ ત્યાં ચનપ્રીત સિંહ કરતો હતો. હવાલા દ્વારા નાણા ગોવા મોકલવામાં આવ્યા તે અંગે વિનોદ ચૌહાણ તથા અભિષેક પિલ્લઈ વચ્ચે થઈ હતી તેના પણ પુરાવા ઈડી પાસે છે તેમ આરોપનામામાં કહેવામાં આવ્યું છે. અશોક કૌશિકના કહેવાથી અભિષેક બોઈંગ પિલ્લઈએ ચલણી નોટો ભરેલી બે બેગો અલગ અલગ દિવસે વિનોદ ચૌહાણને પહોંડી તેની વિગતો ઈડીએ આરોપનામામાં આપી છે. ઈડીનું કહેવું છે કે, નાણાનો આ રીતે વ્યવહાર થયો તે સ્પષ્ટ રીતે સાબિત કરે છે કે કેવી ગેરકાયદે રીતે નાણા મેળવવામાં આવ્યા અને તેને સાઉથના જૂથ મારફત લાંચ સ્વરૂપે આમ આદમી પાર્ટીને પહોંચાડવામાં આવ્યા.

### હવે ISI પાક.માં કોઈપણના ફોન કોલ ટેપ અને ટ્રેસ કરી શકશે

**। (એજન્સી) લાહોર, તા.૧૦ ।**

પાકિસ્તાની સેના બાદ સૌથી શક્તિશાળી જાસૂસી સંસ્થા ISIની તાકાત વધુ વધી છે. ઈન્ટર-સર્વિસીસ ઈન્ટેલિજન્સ (ISI)ની આ શક્તિ અન્ય કોઈએ નહીં પરંતુ ખુદ પાકિસ્તાન સરકારે વધારી છે. આ સત્તા મળ્યા બાદ હવે પાકિસ્તાનની જાસૂસી સંસ્થા સમગ્ર દેશમાં કોઈપણ વ્યક્તિના કોલ ઈન્ટરસેપ્ટ કરી શકશે. હકીકતમાં, પાકિસ્તાન સરકારે ઔપચારિક રીતે ગુપ્તચર સંસ્થા ISIને કોલ ઈન્ટરસેપ્ટ અને ટ્રેસ કરવા માટે અધિકૃત કર્યા છે. પાકિસ્તાન સરકારે તેની પાછળ રાષ્ટ્રીય સુરક્ષાને કારણ ગણાવ્યું છે. પાકિસ્તાનના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને ટેલિકોમ્યુનિકેશન મંત્રાલયે પણ આ અંગે એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે ગ્રેડ ૧૮થી નીચેના ISI ઓફિસર્સ કોઈપણ કોલ અને મેસેજને ઈન્ટરસેપ્ટ અને ટ્રેસ કરી શકે છે. નોટિફિકેશનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સરકાર વિદેશી જોખમો સામે રાષ્ટ્રીય સુરક્ષાને પ્રાથમિકતા આપશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાની પીએમ શાહબાઝ શરીફની કેબિનેટ તરફથી ઔપચારિક આદેશ પસાર થયા બાદ આ સૂચના જારી કરવામાં આવી છે.

# કર્ણાટકના BJP સાંસદને મંત્રી ન બનાવવાથી નારાજ

## બીજેપી સાંસદ-દલિત નેતા રમેશ જીગાજીનાગીની કેન્દ્ર સરકારમાં મંત્રી પદ ન આપવા પર નારાજગી

**। (એજન્સી) કર્ણાટક, તા.૧૦ ।**

બીજેપી સાંસદ અને દલિત નેતા રમેશ જીગાજીનાગીએ કેન્દ્ર સરકારમાં મંત્રી પદ ન આપવા પર નારાજગી વ્યક્ત કરી છે. રમેશે દાવો કર્યો હતો કે મોટાભાગના કેન્દ્રીય મંત્રીઓ ઉચ્ચ જાતિના છે. તેમણે એમ પણ કહ્યું કે દલિતોને સાઈડલાઈન કરવામાં આવ્યા છે. કર્ણાટકના ભાજપના સાંસદ અને દલિત નેતા રમેશ જીગાજીનાગીએ ખુલ્લેઆમ પાર્ટી સામે પોતાની નારાજગી વ્યક્ત કરી છે અને દાવો કર્યો છે કે મોટાભાગના કેન્દ્રીય મંત્રીઓ ઉચ્ચ જાતિના છે. જ્યારે દલિતોને સાઈડલાઈન કરવામાં આવ્યા છે. રમેશ જીગાજીનાગી સાત વખત સાંસદ રહી ચૂક્યા છે અને ૨૦૧૬થી ૨૦૧૯ સુધી રાજ્યકક્ષાના મંત્રી પણ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ વિજયપુરા બેઠક પરથી ચૂંટણી જીત્યા છે. મંગળવારે મીડિયા સાથે વાત કરતા સાંસદ રમેશે કહ્યું, ઘણા લોકોએ મને ભાજપમાં ન જોડાવાની સલાહ આપી હતી કારણ કે તે (પાર્ટી) 'દલિત



વિરોધી' છે. જીગ્જીનાગીને પૂછવામાં આવ્યું કે શું તેઓ કેબિનેટ મંત્રી બનવા માગે છે? તેના પર તેમણે કહ્યું કે, મારા માટે કેન્દ્રીય મંત્રી પદની માંગ કરવાની કોઈ જરૂર નથી. મારા માટે લોકોનું સમર્થન મહત્વનું છે, પરંતુ જ્યારે હું (ચૂંટણી પછી) પાછો આવ્યો ત્યારે લોકોએ મને ખૂબ ઠપકો આપ્યો. ઘણા દલિતોએ મારી સાથે દલીલ કરી હતી કે ભાજપ દલિત વિરોધી છે અને મારે પાર્ટીમાં જોડાતા પહેલા આ જાણવું જોઈતું હતું.તેમણે કહ્યું, મારા જેવો દલિત વ્યક્તિ દક્ષિણ ભારતમાં સાત ચૂંટણી જીતનાર એકમાત્ર વ્યક્તિ છે. તમામ ઉચ્ચ જાતિના લોકો કેબિનેટ પદ પર છે. રમેશે પૂછ્યું કે શું દલિતોએ ક્યારેય ભાજપને સમર્થન આપ્યું નથી? તેણે વધુમાં કહ્યું કે આનાથી મને ઘણું દુઃખ થયું છે. ૭૨ વર્ષીય રમેશ જીગાજીનાગી પહેલીવાર ૧૯૯૮માં લોકસભામાં ચૂંટાયા હતા અને ત્યારથી અત્યાર સુધીની તમામ ચૂંટણીઓ જીતી ચૂક્યા છે. તેઓ ૨૦૧૬ અને ૨૦૧૯માં પીવાના પાણી અને સ્વચ્છતા રાજ્ય મંત્રી રહી ચૂક્યા છે.કર્ણાટકમાં કુલ ૨૮ બેઠકો છે અને ભાજપે આ વખતે ૧૭ બેઠકો જીતી છે. એનડીએના સહયોગી જેડીએસને ૨ બેઠકો મળી છે. કોંગ્રેસને ૯ બેઠકો મળી છે. કર્ણાટકમાંથી મોદી કેબિનેટમાં ચાર ચહેરા છે. જેમાં પ્રહલાદ જોશી તેમજ શોભા કરંદલાજે, વી સોમન્ના અને JDSના એચડી કુમારસ્વામીના નામનો સમાવેશ થાય છે.

## તંત્રી લેખ...

# પાકિસ્તાનને નવેસરથી પાઠ ભણાવવો જરૂરી

છેલ્લા કેટલાક સમયથી જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ જે રીતે સક્રિય થતા દેખાઈ રહ્યા છે, તે ચિંતાજનક છે. તેમની વધતી સક્રિયતાનો અર્થ છે ના તો સીમા પારથી આતંકીઓની ઘૂસણખોરી પર લગામ લાગી શકી છે કે ના તેમના દુસ્સાહસને ડામી શકાયું છે. એ ઠીક છે કે ગત દિવસોમાં કુલગામમાં બે અથડામણોમાં છ આતંકીઓ માર્યા ગયા, પરંતુ આપણે એની અવગણના ન કરી શકીએ કે આ દરમ્યાન આપણા બે જવાનો પણ બલિદાન થયા. આતંકીઓને ઠાર કરવાના ક્રમમાં સુરક્ષા દળોના નુક્સાનનો સિલસિલો બંધ થવો જોઈએ. આ સિલસિલો પાકિસ્તાન પ્રાયોજિત છદ્મ યુદ્ધનું જ પરિચાયક છે. એ ઠીક નથી કે તેની કિંમત ભારત તો ચૂકવી રહ્યું છે, પરંતુ પાકિસ્તાનનું કશું જ નથી બગડતું. આતંક વિરુદ્ધ અભિયાન એ રીતે ચલાવવામાં આવે, જેનાથી સુરક્ષા દળોને નુક્સાન ન ઉઠાવવં પડે. તેની સાથે જ એના પર પણ ગંભીરતાથી વિચાર કરવો પડશે કે પાકિસ્તાનને આતંકીઓની ઘૂસણખોરી કરાવવા અને તેની સહાયતા કરવાથી કેવી રીતે રોકવું. તે એટલે જરૂરી છે, કારણકે પહેલાં સર્જિકલ સ્ટ્રાઇક અને પછી એર સ્ટ્રાઈક દ્વારા પાકિસ્તાનને જે પાઠ ભણાવવામાં આવ્યો હતો, તે તેને ભૂલી ચૂક્યું છે. પાકિસ્તાનને નવેસરથી પાઠ ભણાવવો એટલા માટે જરૂરી છે, કારણ કે તેના દ્વારા પ્રાયોજિત આતંકવાદને કારણે જમ્મુ-કાશ્મીરમાં સામાન્ય નાગરિકોની સાથે સાથે સુરક્ષા દળના જવાનો પણ નિશાનો બનતા રહે છે. ભારત સરકારે એ સમજવું પડશે કે પાકિસ્તાન જ્યાં સુધી જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓની ઘૂસણખોરી સાથે જ તેમને હથિયાર ઉપલબ્ધ કરાવતું રહેશે ત્યાં સુધી આતંકવાદ પર નિયંત્રણ નહીં મેળવી શકાય. એ પાકિસ્તાન દ્વારા જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવાનું જ પરિણામ છે કે અહીં સક્રિય આતંકીઓના દુસ્સાહસ પર લગામ નથી લાગી શકીત. તેનું પ્રમાણ એ છેકે ગત દિવસોમાં આતંકીઓએ પહેલાં રાજૌરીમાં સેનાના એક ઠેકાણા પર હુમલો કર્યો, પછી કઠુઆમાં. આ બંને ઘટનાઓમાં પણ સેનાએ નુક્સાન ઉઠાવવું પડ્યું. તેના પહેલાં પણ જમ્મુ-કાશ્મીરમાં કેટલીય આતંકી ઘટનાઓ બની છે. ચિંતાની વાત એ છેકે આતંકી જમ્મુ અને કાશ્મીર, બંને ક્ષેત્રોમાં પોતાની ગતિવિધિઓ વધારતા દેખાઈ રહ્યા છે. એક એવા સમયે જ્યારે જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીની તૈયારી ચાલી રહી છે, ત્યારે આતંકીઓને માથું ઊંચકવાનો મોકો બિલકુલ ન આપવો જોઈએ. તેમાં સફળતા ત્યારે જ મળશે, જ્યારે જમ્મુ-કાશ્મીરમાં અલગતા અને આતંકના ખુલ્લા-છૂપા સમર્થકો વિરુદ્ધ કડકાઈ રાખવામાં આવશે, સાથે પાકિસ્તાનને પણ સીધો સંદેશ આપવામાં આવસે કે તે આતંકવાદને ઉત્તેજન આપીને શાંતિથી નહીં રહી શકે.

# દક્ષિણ ગોવાની બેઠકે લોકસભા ચૂંટણીમાં ભાજપને મોટો ફટકો

ગોવામાં વર્ષ ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે, એટલે કે હજુ તો બહુ વાર છે, પરંતુ રાજ્યમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી માટે ક્યાંક ને ક્યાંક ચિંતાનું કારણ અત્યારથી જ જોવા મળી રહ્યું છે. ગોવામાં બે સંસદીય બેઠકો છે - દક્ષિણ ગોવા અને ઉત્તર ગોવા. દક્ષિણ ગોવાની બેઠકે લોકસભા ચૂંટણીમાં ભાજપને મોટો ફટકો આપ્યો છે. પાર્ટીને લાગ્યું કે તેણે પલ્લવી ડેમ્પોને તેના ઉમેદવાર બનાવીને એક તેજસ્વી રાજકીય ચાલ ચાલી છે. ભાજપને આશા હતી કે નવા ચહેરા સાથે તે ફરી એકવાર કોંગ્રેસને તેના ગઢમાંથી હટાવી દેશે. કોંગ્રેસે દક્ષિણ ગોવાની બેઠક દસ વખત કબજે કરી છે, જ્યારે ભાજપે ૧૯૯૯ અને ૨૦૧૪માં જીત મેળવી હતી. ડેમ્પોનું નામ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે સૂચવ્યું હતું ડેમ્પો રાજ્યમાં સંસદીય મતવિસ્તારમાંથી ચૂંટણી લડનાર પ્રથમ મહિલા હતી અને તેમનું નામ પણ ગોવાના લોકો માટે સાવ નવું નહોતું. તે એવા પરિવાર સાથે સંબંધ ધરાવે છે જે માઈનિંગ, શિપબિલ્ડીંગ, સ્પોર્ટ્સ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રે સંકળાયેલા છે. તેના સોગંદનામામાં ડેમ્પોએ રૂ. ૨૫૫.૪૪ કરોડ રૂપિયાની સંપત્તિની વિગતો આપી હતી. તેમના પતિ શ્રીનિવાસ ડેમ્પોએ રૂ. ૯૯૮.૮૩ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી હતી. આમાંની મોટાભાગની અસ્કયામતો ૮૧ કંપનીઓમાં શેર હોલ્ડિંગના સ્વરૂપમાં હતી અને કેટલીક મોટી બ્રાન્ડ્સ અને બેંકો પાસેથી ખરીદેલા બોન્ડ્સના સ્વરૂપમાં હતી. ડેમ્પો દંપતી પાસે દુબઈ અને લંડનમાં ઘર છે. એફિડેવિટ મુજબ તેની પાસે મોંઘી કાર, જ્વેલરી અને અન્ય રોકાણ પણ છે. કાંગ્રેસે કપ્ટન વિરિયાતો ફર્નાન્ડિસને ડેપોની સામે પોતાના ઉમેદવાર બનાવ્યા હતા. ફર્નાન્ડિસ ૨૬ વર્ષ સુધી સેવા આપ્યા બાદ ભારતીય નૌકાદળમાંથી નિવૃત્ત થયા હતા. તેમણે તેમની સેવા માટે અનેક પ્રશસ્તિપત્રો પણ પ્રાપ્ત કર્યા છે અને જ્યારે ભારતીય નૌકાદળે ઓપરેશન તલવાર શરૂ કર્યું હતું અને તેના સૈનિકો સુધી સહાય પહોંચતી અટકાવવા માટે પાકિસ્તાની બંદરો પર નાકાબંધી કરી હતી ત્યારે કારગિલ યુદ્ધમાં પણ પરોક્ષ રીતે ભૂમિકા ભજવી હતી. ફર્નાન્ડિસે દક્ષિણ ગોવાની બેઠક ૧૩,૦૦૦ મતોથી જીતી હતી. બીજેપી ઉત્તર ગોવાની બેઠક જાળવી રાખવામાં સફળ રહી અને તેના ઉમેદવાર અહીં એકાદ લાખ મતોથી જીત્યા. પરંતુ, દક્ષિણ ગોવાની બેઠક રસપ્રદ છે કારણ કે તેમાં ખ્રિસ્તી સમુદાયની મોટી વસ્તી છે. ઉદાહરણ તરીકે, સાલ્સેટમાં, વસ્તીના ૪૦ ટકા ખ્રિસ્તીઓ છે. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત અને રાજ્ય ભાજપ અધ્યક્ષ સદાનંદ તનાવડે સહિત ભાજપના નેતાઓએ દક્ષિણ ગોવાની બેઠકમાં હાર માટે બહુમતી ખ્રિસ્તી વર્ગ અને ખ્રિસ્તી 'ધર્મગુરુઓ'ની ભૂમિકાને જવાબદાર ગણાવી હતી. ગોવાના કેથોલિક ચર્ચના વડા ફિલિપ નેરી ફારાઓએ અનુયાયીઓને બંધારણમાં નોંધાયેલા મૂલ્યોનું પાલન કરનારાઓની તરફેણમાં મતદાન કરવા જણાવ્યું હતું. પરંતુ સત્ય થોડું વધારે જટિલ છે. વર્ષ ૨૦૨૨માં રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં જીતેલા કોંગ્રેસના ૧૧ ધારાસભ્યોમાંથી ૮ ભાજપમાં જોડાયા, જેનાથી રાજ્ય વિધાનસભામાં તેના (ભાજપ) સભ્યોની સંખ્યા વધીને ૩૩ થઈ ગઈ. રાજ્ય વિધાનસભામાં કુલ ૪૦ બેઠકો છે. આ આઠ ધારાસભ્યોમાં દક્ષિણ ગોવાની વિધાનસભા બેઠકો પરથી ત્રણ મોટા નામ ચૂંટાયા હતા. ચર્ચે મતદારોને કેટલા પ્રભાવિત કર્યા અને પક્ષપલટો કરનારા નેતાઓથી લોકો કેટલા નિરાશ થયા તે કહેવું મુશ્કેલ છે. પરંતુ ઘણી હદ સુધી પરિસ્થિતિ સ્પષ્ટ છે કારણ કે ભલે ભાજપે ઉત્તર ગોવાની બેઠક મોટા માર્જિનથી જીતી હોય, પરંતુ પક્ષ બદલનારા ધારાસભ્યોનું વર્ચસ્વ ધરાવતા વિધાનસભા ક્ષેત્રોમાં ભાજપનું પ્રદર્શન સારું નહોતું. તેથી, ભાજપ આમાંથી જે બોધપાઠ લઈ શકે છે તે એ છે કે કેટલીકવાર માત્ર થોડી બુદ્ધિ દેખાડવાથી તમને મોટું નુકસાન થાય છે. રાજ્યમાં રાજકીય પક્ષોને વિભાજિત કરીને 'સ્થિર' સરકાર બનાવી શકાય છે.

### જેમ રાધા કૃષ્ણનો અમર પ્રેમ! એ જ રીતે હીર રાંઝા, રોમી જૂલીયટ, લેલા મજનૂ! પણ અમર પ્રેમથી પણ આગળ છે પરમ પ્રેમ!

# નથી થતાં સોદા મફતમાં ભક્તિ તણા! એ પદ યાદ કરીને ભગવાનમાં પૂર્ણ ભરોસો રાખવો!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આજે પણ કૃષ્ણ ભક્તિને નાતે જીવન સમર્પણ કરી ગોપી કે રાધાનું ઉપનામ મળે છે, ભાવ ભક્તિની પરાકાષ્ઠાએ નરસિંહ કેદારો ગાય અને ભગવાન દોડતાં આવે, જૂનાગઢની એ ડેલીએ શામળશા શેઠ બની એની હુંડી સ્વીકારે, કુંવરબાઇના મામેરું કરે, એનાં પિતાનું શ્રાદ્ધ કરે, આ બધી જ ભક્તિની શક્તિ છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પતિ પત્નીનાં કહેવાતા લૌકિક પ્રેમ સંબંધનાં પરિણામે જે બાળકનો જન્મ થાય એની સાથે એક મમતાનાં ભાવ સાથે માતાપિતા જોડાય છે. મમતા પ્રેમને પરિપક્વ બનાવતું પરિબળ છે, પણ મમતા દોષ રહિત હોવી જરૂરી છે, નહીં તો કૈકેયી, ગાંધારીની જેમ ઈતિહાસ પણ લખાવી શકે. બે વ્યક્તિ વચ્ચેનો પ્રેમ સંબંધ યથા સમજણથી પરિપક્વ બને તો પણ ઈતિહાસ લખાય ! જેમ કે રાધા કૃષ્ણનો અમર પ્રેમ! ગોપીનો અમર પ્રેમ! એ જ રીતે હીર રાંઝા, રોમી જૂલીયટ, લેલા મજનૂ! જેવા કેટલાય. પણ અમર પ્રેમથી પણ આગળ છે પરમ પ્રેમ! અને જે દયા, સેવા, સહાનુભૂતિ અને સંવેદનાની ધરોહર વિના શક્ય નથી. મૈત્રી, પ્રિતી, અને ભક્તિ એ ત્રણેય એક આયામ માં પ્રવર્તતી શક્તિ છે. પણ મૈત્રીમાં આપણે મિત્રતાનો ભાવ ક્યાં રાખવો એ નિશ્ચિત છે, પ્રિતમાં પણ પ્રેમ કરનારનું સ્થાન નિશ્ચિત છે, પણ ભક્તિમાં ભક્તનાં મનમાં ભગવાન વિશેની માત્ર ધારણા હોય છે, અને વિશુદ્ધ ભાવ રાખી ભગવાનનું સામિપ્ય, સાનિધ્ય, અને સામર્થ્ય અનુભવવાનું હોય છે. ભક્તિઃ ભક્તિ શબ્દનો સીધોસાદો અર્થ કરીએ ભકત અને ભગવાન ને જોડનારુ પરિબળ. પણ ભક્તિની પ્રાથમિકતામાં મૈત્રી અને પ્રિતી આવશ્યક છે, મૈત્રી હોય ત્યાં જ પ્રીતિ ટકી શકે, અને પ્રીત હોય તો જ ભક્તિ નભી શકે. ભક્તિ એટલે કે ભક્ત અને ભગવાનને જોડનારો એક અનન્ય સંબંધ, કે જેમાં ભગવાનના જે તે સ્વરૂપ સાથે ભક્તનું સાનિધ્ય શરું થાય છે, અને ભક્તિની પરાકાષ્ઠાએ એકાકાર બંને છે, અને સાકર સ્વરૂપથી શરૂ થયેલી આ યાત્રા નિરાકાર પરબ્રહ્મ રૂપે પૂર્ણ થાય છે, અને પૂર્ણ સમર્પણનો કે અસ્તિત્વ તરફ શરણાગતિનો ભાવ આવી શકે છે. ભક્તિની શક્તિ ગજબ હોય છે, અને ભક્તનો જેટલો ભરોસો વધુ એટલી ભક્તિની શક્તિ પ્રગાઢ બને છે, અને એ આપણે કેટલાય ઉદાહરણ પરથી સાબિત કરી શકીએ. પ્રહલાદને નૃસિંહ અવતારે સમયે આવી મદદ કરે, ધ્રુવને સિતારો બનાવી ભક્તિને અમર કરે! હનુમાનજીની રામ અને રામનામ તરફની ભક્તિ નિષ્ઠાને આજે પણ લોકો પૂજે છે. સતયુગમાં કે ત્રેતાયુગમાં મા દુર્ગાની ભક્તિથી દૈત્યોનાં સામ્રાજ્ય સમાપ્ત થયા હતાં. આજે પણ કૃષ્ણ ભક્તિને નાતે જીવન સમર્પણ કરી ગોપી કે રાધાનું ઉપનામ મળે છે. ભાવ ભક્તિની પરાકાષ્ઠાએ નરસિંહ કેદારો ગાય અને ભગવાન દોડતાં આવે, જૂનાગઢની એ ડેલીએ શામળશા શેઠ બની એની હુંડી સ્વીકારે, કુંવરબાઇના મામેરું કરે, એનાં પિતાનું શ્રાદ્ધ કરે,આ બધી જ ભક્તિની શક્તિ છે. ભક્ત નરસિંહ એ તો કાળને ઓળંગીને કૃષ્ણની



લીલાને ગોકુળ મથુરામાં માણી, મહારાસનો હિસ્સો બન્યાં હતાં. એ બધી જ લીલા આલેખીને, આપણી માટે પણ એ માર્ગ મૂકતા ગયા. એવી જ રીતે મીરાંનું ઝેર પીવે, આવાં તો કેટલાંય ઉદાહરણો આપણે આપી શકીએ. ભક્તિમાં રહેલા પ્રેમની શક્તિ છે કે લોકો ગમે તે કહે પણ ભક્ત ભગવાન પરનાં ભરોસાથી વિચલિત થતો નથી. એટલે પ્રેમ નિભાવવા માટે ભરોસો હોવો બહુ જ જરૂરી છે. દરેક સંબંધમાં વિશ્વાસ રહે તો તો બહુ સારું છે,પણ એમ લાગે કે અહીં કોઈ કદર નથી, ત્યારે ભગવાન પર ભરોસો કરવો, કે નક્કી કંઈક વધુ સારું કરવાં જ આ ઘડી આપી છે. નથી થતાં સોદા મફતમાં ભક્તિ તણા! એ પદ યાદ કરીને ભગવાનમાં પૂર્ણ ભરોસો રાખવાથી ભવોભવ એનાં ચરણોમાં સ્થાન પ્રાપ્ત થાય છે. કરુણાઃ કરુણાનો સીધોસાદો અર્થ તન મન ધનથી કોઈ એકની નહીં સૌની અથવા પર્ટીકયુલર વર્ગ, વર્ણ, કે શ્રેણીની તકલીફ કે સમસ્યાનું સમાધાન કરવા માટે જાત દાવ પર મુકી દેવી. કરુણા શક્તિના ભાવ પર પહોંચવા માટે વ્યક્તિગત રીતે સાધકે પોતાના તરફ જોવાનું સાવ બંધ કરવું પડે, અથવા તો અન્ય પ્રત્યેની સંવેદના તેને પોતાની જાતને પણ ભૂલાવી દે એવી તીવ્ર બને, ત્યારે આ શક્તિ કવચથી અંતર ભીંજાય છે. કોઈને આપણે દુઃખી જોઈએ, એટલે કે કોઈ અપંગ છે, કોઈ રક્તપિત્ત વાળું છે, કોઈને પેરેલિસિસ છે, અથવા કોઈ કુપોષણ વાળું નાનું બાળક જોઈએ, કોઈ પાંચ-છ દિવસથી ભૂખ્યું તડપતું હોય, કોઈ તરસની વ્યાધિથી વ્યાકુળ હોય, અથવા જીવ દયા વિશે વિચારીએ તો ગાય, કૂતરા, બિલાડાની, પ્રસુતિના સમયે તડપતા જોઈએ, અને સંવેદનાથી તેનો ઈલાજ કરીએ, તો એ જીવની સમસ્યાનો ઉકેલ આવે, પણ આપણાં સમાજમાં તો હજી આવા કેટલાય બાકી છે! તો એ બધાં માટે કંઈક કરવા અંતર વ્યાકુળ બને, ત્યારે કરુણા થઈ એમ સમજવું. સાચી કરુણા તો અત્યારે ઈશ્વર અને સદગુરુ કરી રહ્યા છે, કારણ કે માનવ અધોગતિ તરફ એટલો આગળ વધી ગયો છે, કે એને પોતાના સ્વાર્થ આગળ બીજું કંઈ જ દેખાતું નથી, અને છતાં આપણે જીવિત છીએ, એ કોઈની કરુણાનું જ કારણ છે. વિશ્વભરમાં અત્યારે આ રીતે કેટલીય સંસ્થાઓ છે, જે રખડતા ઢોરથી માંડીને રખડતાં માનવી સુધી પહોંચી એનું જીવન સરળ બનાવવા માટે પ્રયત્ન કરે છે. કરુણા માટે તો વિશ્વ સામે અત્યારે આવાં કેટલાંય પ્રશ્નો છે, જેનો ઉકેલ કરુણા સિવાય શક્ય નથી. તત્વતઃ ઈશ્વર એક જ છે, છતાં સમજવા માટે, ભગવાન શ્રી રામને સત્ય અવતાર, ભગવાન શ્રી કૃષ્ણને પ્રેમાવતાર અને ભગવાન શંકરને કરુણા અવતાર કહેવાયા છે! ભગવાન શ્રી રામે પિતાનાં વચનો સાચાં પાડવા ચૌદ વર્ષ વનવાસ ભોગવ્યો અને છેક છેવાડાના માનવી સુધી પહોંચ્યા. ભગવાન શ્રી કૃષ્ણે પ્રેમરસ માધૂરીથી ગાય ગોવાળ અને ગોકુળની ગોપીઓની મટકી ભરી, સૌને પોતાના સમજી એની જે તે રુપ સ્વરૂપે હોય એની સરહાના કરી. ભગવાન શંકર એ સમુદ્ર મંથનમાંથી નીકળેલુ કળાકૂટ નામનું હળાહળ વિષ પીને સમગ્ર સૃષ્ટિને બચાવી તેમજ સ્મશાનમાં રહી અતૃપ્ત ભૂત પ્રેતને પોતાના કહી કરુણા કરી, માટે એને કરુણા અવતાર કહ્યાં છે. આમ પણ એનાં જેવો ભોળો બીજો કયો દેવ છે? હિન્દુ સંસ્કૃતિમાં આવાં તો કેટકેટલા દેવ અને ઋષિ ચરિત્ર છે, જેને અનુસરીને આપણે પણ ચરિત્ર બનાવી શકીએ! અથવા તો જીવનમાં ખુશી, પ્રસન્નતા, અને શાંતિને કાયમ માટે સ્થાપિત કરી શકીએ! પાછા આપણે એનાં વિશે જાણતાં નથી એવું પણ નથી! પણ આપણે ચરિત્ર બનાવી શકતા નથી, કે પ્રસન્ન રહી શકતા નથી! કારણ કે આપણા જ દોરેલા વર્તુળમાં જીવીએ છીએ, અને એ કમફર્ટ ઝોનમાંથી આપણે ફેંકાઈ જઈશું તો?? એવો ડર આપણને રહે છે, અને એ ડર આપણને બીજા તરફ જોવા નથી દેતો, એટલે દયા, સહાનૂભૂતિ, કે સંવેદના એટલાં તીવ્ર બનતાં નથી. સમાજમાં ઘટતી અઘટિત ઘટનાઓ આપણને ક્ષણ બે ક્ષણ માટે વિચલિત કરે છે, પછી વળી પાછાં હતાં ત્યાંના ત્યાં! પ્રશ્નો બહુ મોટાં છે, એટલે બીજું તો શું કરી શકીએ? પણ જેને કરુણાવતાર કહ્યા છે એને ભજીએ, એનાં ગુણોનું સંકિર્તન કરીએ અને એનાં ભોળાં ભાવને આત્મસાત કરીએ! એનું ચરિત્ર સતત યાદ રહે એ માટે એની સન્મુખ રહીએ! બસ આ રીતે શક્તિનાં કરુણા કવચને પ્રાપ્ત કરી શકાય છે, અને હવે શ્રાવણ આવી રહ્યો છે, ત્યારે આપણે સૌ એ રીતે માત્ર સ્વરૂપ ની નહીં પણ એનાં ગુણોની ઉપાસના કરી ભક્તિ અને કરુણા કવચ સુધી પહોંચી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### ક્યારેક સુંદરતા જોઈને રાજી થઈએ કે તેના તરફ આકર્ષણ થઈ જાય ત્યારે ભગવદ્ ગીતા જ્ઞાન શું કહે છે તે જોઇએ

# શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ, જગત કરતાં પણ જગતનો સર્જનહાર સુંદર છે



વિશેષ
યશપાલસિંહ ડી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જગતની કોઈ વસ્તુ સુંદર નથી, વિકાર આંખમાં છે એટલે વસ્તુ સુંદર લાગે છે, મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે, પણ એ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય, તો તેનું મોઢું ગમતું નથી, શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ.**

આપણે ઘણીવાર કુદરતી સંપત્તિનું પૂજન જતન કરવાને બદલે વિનાશ કરવા તત્પર બનીએ છીએ. વૃક્ષારોપણ ઉછેરના બદલે વૃક્ષ છેદન વધુ થાય છે.. નદીઓ પહાડો ઝરણાં તળાવો જ નહીં પશુ પક્ષીઓને ચરવાની જગ્યા પણ હડપ કરવી અને સિમેન્ટ કોંક્રિટ જંગલો ઊભા કરવા છે.ક્યારેક સુંદરતા જોઈને રાજી થઈએ કે તેના તરફ આકર્ષણ થઈ જાય ત્યારે ભગવદ્ ગીતા જ્ઞાન શું કહે છે તે જોઈએ. જગતની કોઈ વસ્તુ સુંદર નથી. વિકાર આંખમાં છે એટલે વસ્તુ સુંદર લાગે છે. મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે, પણ એ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય, તો તેનું મોઢું ગમતુ નથી. શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ. જગત કરતાં પણ જગતનો સર્જનહાર સુંદર છે. લોકો સૌંદર્ય જોવા કાશ્મીર જાય છે, પણ કાશ્મીર બનાવનાર મારો શ્યામ સુંદર કેટલો સુંદર હશે? એ તો નિત્ય સુંદર છે તેવું માનજો.ઠાકોરજીનાં દર્શન કરવાથી આંખ સફળ થાય છે. કર્દમ કહે છે, મહારાજ, તમારાં દર્શન કરવાથી મારી આંખ સફળ થઈ છે. નાથ તમને પ્રાપ્ત કરી સંસારસુખની માગણી કરે તે મૂર્ખ છે. પણ બ્રહ્મા જીએ આજ્ઞા કરી છે, તેથી લગ્ન કરવાની ઈચ્છા થઈ છે. મને પત્ની જોઈતી નથી.મારે ઘરમાં સત્સંગ જોઈએ છે. સ્ત્રીસંગ એ કામસંગ નહીં પણ સત્સંગ છે. ધર્મમાં આચરણ માટે પત્ની છું એટલે તો પત્નીને ધર્મપત્ની કહી છે. એકલો પુરુષ કે એકલી સ્ત્રી ધર્મમાર્ગમાં આગળ વધી શકતા નથી. એકલી નાવડી સંસાર સાગર પાર કરી શકે નહીં. એકલો નાવિક પણ સંસારસાગર પાર કરી શકે નહીં. સ્ત્રીએ નાવડી અને પુરુષએ નાવિક છે.એકનેબીજાનો સાથ જોઈએ. પુરુષમાં વિવેક હોય છે અને સ્ત્રીમાં સ્નેહ.વિવેક અને સ્નેહ મળશે તો ભક્તિ પ્રગટ થાય છે. પુરુષએ જ્ઞાન સ્વરૂપ છે. સ્ત્રીનું હૃદય કોમળ હોવાથી તે સમર્પણ કરે છે. સ્ત્રીએ ક્રિયાશક્તિ છે. ઘણાંને આશ્ચર્ય થશે કે, કર્દમે આટલાં વર્ષોની તપશ્ચર્યા કરી ભગવાન પાસે મુક્તિ કેમ ન માગી કર્દમે વિચાર્યું કે, હજારો જન્મોની કામવાસનાઓ સુષુપ્ત રીતે મનમાં રહેલી હોય છે, તેને સંતોષી મનુષ્ય ઉપર જે ત્રણ પ્રકારનાં ઋણ હોય છે,તેમાંથી મુક્ત થવું સારું અને તે પછી મુક્તિની ઈચ્છા રાખવી. ભગવાને કહ્યું,બે દિવસ પછી મનુ મહારાજ તમારી પાસે આવશેઅને પોતાની પુત્રી દેવહુતિ તમનેઆપશે હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ. જગતને મારે સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ કરવાનો છે. એવું કહી શ્રી હરિ ત્યાંથી વિદાય થયા. પતિ-પત્ની



પવિત્ર જીવન ગાળે તો ભગવાનને ઈચ્છા થાય કે, હું તેમને ત્યાં જન્મ લઉં. નારદજી મનુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું, તમે કર્દમને કન્યાદાન કરો. મનુમહારાજ, શતરૂપા અને દેવ હુતિ સાથે કર્દમઋષિના આશ્રમમાં આવે છે. કર્દમ વિવેકથી દેવહુતિની પરીક્ષા કરે છે. કર્દમ ઋષિએ ત્રણ આસનો બિછાવ્યાં છે, તે ઉપર બધાંને બેસવા કહે છે.મનુ,શતરૂપા બેસે છે. દેવહુતિ બેસતાં નથી. કર્દમે કહ્યું આ ત્રીજું આસન દેવી તમારા માટે છે!દેવહુતિએ વિચાર કર્યો કે, ભવિષ્ય માં આ મારા પતિ થવાના છે.પતિ એ પાથરેલ આસન ઉપર બેસું એ મારો ધર્મ નથી અને જો ન બેસું તો આસન આપનારનું અપમાન થાય છે. તેથી દેવહુતિ જમણો હાથ આસન ઉપર રાખી આસનની બાજુમાં બેસે છે. બિચારી જૂના જમાનાની હતી. આજકાલની હોત તો આસન ઉપર પહેલેથી જ જમાવી દેત. હાલમાં તો પત્નીઓ પતિઓને બાબાને ઝુલાવવાનો હુકમ કરે છે. છોકરાંઓને પતિને સોંપીને ફરવા નીકળી જાય છે.આર્યનારીના સાચા સંસ્કાર આજે ભૂલાતા જાય છે.આજે છોકરીઓની પરીક્ષા કરવાની રીતો જુદી બનતી જાય છે. કર્દમ વિચારે છે,છોકરી છે તોલાયક, લગ્ન કરવામાં હરકતનથી મનુમહારાજે કહ્યું, આ કન્યા હું આપને અર્પણ કરવા આવ્યો છું. કર્દમઋષિ બોલે છે, લગ્ન કરવાની મને ઈચ્છા છે. લગ્ન પહેલાં હું એક પ્રતિજ્ઞા કરવાનો છું. મારાં લગ્ન વિલાસ માટે નથી, પણ કામનો વિનાશ કરવા માટે છે. કામનો વિકાસ નહીં પણ કામનો વિનાશ એ મારા લગ્નનું પ્રયોજન છે. એટલે એક પુત્ર થયા પછી હું લૌકિક સંબંધનો ત્યાગ કરીશ અને સંન્યાસ લઈ લઈશ.કન્યાદાનના મંત્રમાં સંતતિ માટે લખ્યું છે, સંતતિઓ માટે એવું નથી લખ્યું, માટે શાસ્ત્રમાં પહેલા પુત્રને જ ધર્મપુત્ર કહ્યો છે. ધર્માચરણ નહીં કે કામાચરણ માટે લગ્ન છે.પિતા પુત્રને કહે છે, તું મારો આત્મા છે. એક પુત્ર થયા પછી પત્ની માતા જેવી બને છે.કામ ઈશ્વર જેમ વ્યાપક થવા માગે છે. તેને એક સ્ત્રીમાં સંકુચિત કરી નાશ કરવા લગ્ન કરવાનું છે. લગ્નમાં સાવધાન શબ્દનો ઉચ્ચાર કરવામાં આવે છે. કારણ બધા જાણે છે કે, લગ્ન કર્યા પછી એ સાવધ રહેવાનો નથી. લગ્ન કર્યા પછી સાવધ રહે તે જીત્યો અથવા જે પહેલા સાવધાન થયો તે જીત્યો. રામદાસ સ્વામી લગ્ન પહેલાં સાવધાન થયા હતા. લગ્ન મંડપમાં ગોર મહારાજ સાવધાન બોલવા લાગ્યા, એટલે રામદાસ સ્વામી સાવધ થઈ ગયા અને લગ્ન મંડપમાંથી ભાગી ગયા. ભોગ વગર રોગ થાય નહીં. કેટલાક રોગ પૂર્વ જન્મના પાપથી થાય છે. ત્યારે કેટલાક રોગ આ જન્મના ભોગ-વિલાસથી થાય છે. ભોગ ભોગવવામાં રોગોનો ભય છે જ. ભોગ વધે એટલે આયુષ્યનો ક્ષય થાય છે. ભોગો ભોગવાતા નથી. આપણે જ ભોગવાઈ જઈએ છીએ. ઘર સંસાર બગડયો ત્યારથી કે જ્યાર થી વરરાજા મોટરમાં બેસવા લાગ્યા. હાલના વરરાજાને ઘોડા ઉપરથી પડી જવાની બીક લાગે છે.અલ્યા એક ઘોડો તને પાડી નાંખશે તો અગિયાર ઘોડા તારી શું દશા કરશે?એક ઘોડાને તું સાચવી શકે નહીં તો અગિયાર ઘોડાઓને કેમ કરી સાચવશે? આ અગિયાર ઘોડા એ અગિયાર ઈન્દ્રિયો છે. કર્દમઋષિએ આદર્શ બતાવ્યો છે. તેઓ કહે છે કે, મારું લગ્ન એક સતપુત્રને માટે છે. તે પછી હું સંન્યાસ લઈશ. આ મારો નિયમ તમારી કન્યાને માન્ય હોય તો લગ્ન કરું. મનુમહારાજ વિચારમાં પડી ગયા કે, આ તો પરણતાં પહેલાં જ સંન્યાસની વાત કરે છે.પણ દેવ હુતિ સાધારણ સ્ત્રી ન હતી. તેણે કહ્યું, મારે એવા પતિની જરૂર છે. દેવહુતિ એટલે દેવને બોલાવનારી શક્તિ.નિષ્કામ બુદ્ધિદેવને બોલાવી શકે છે. મનુમહારાજે વિધિપૂર્વક કન્યાનું દાન કર્યું. દેવહુતિ-કર્દમનાં લગ્ન થયાં. દેવહુતિ-કર્દમ આશ્રમમાં વિરાજ્યાં. મારા પતિ તપસ્વી છે તો મારે પણ તપસ્વિની બનવું જોઈએ. બાર વર્ષ એક જ ઘરમાં સંયમથી રહ્યાં છે. અગિયારસો વર્ષ ઉપર દક્ષિણ દેશમાં વાચસ્પતિ મિશ્ર નામના એક ઋષિ થઈ ગયા. ષડ્ગાસ્ત્રો ઉપર તેમણે ટીકાઓ લખી છે. તેમની ટીકાઓ પ્રખ્યાત છે. ગ્રંથો લખે અને આખો દિવસ તપશ્ચર્યા કરે, લગ્ન થયેલું પછી છત્રીસ વર્ષ સુધી જાણતા ન હતા કે મારી પત્ની કોણ છે? વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે અષાઢી માહોલમાં ભગવદ્ ગીતા જ્ઞાનમાં સુંદરતા વિશે થોડું જાણવા પ્રયત્ન કર્યો. બસ અસ્તુ.

# દિલીપ કુમારે કહ્યું 'તું મારી ઊંઘની ગોળી છે, તું જ મારું ઓશીકું છે'



## સાયરા બાનુએ પોતાની નોટમાં દિલીપ સાહેબ સાથે જોડાયેલી કેટલીક રસપ્રદ વાતો જણાવી છે

સાયરાએ જણાવ્યું કે દિલીપ કુમારને અનિદ્રાની ગંભીર ફરિયાદ હતી, એટલે કે તેઓ ઊંઘી શકતા ન હતા. આ માટે તેણે દવા પણ લીધી હતી પરંતુ તે પણ કારગત નીવડી. તેણે એ પણ જણાવ્યું કે દિલીપ કુમાર ક્યારેય એક્ટર બનવા માંગતા ન હતા, બલ્કે તેમને રાષ્ટ્રીય સ્તરના સ્પોર્ટ્સમેન બનવામાં રસ હતો. બોલિવૂડના દિગ્ગજ કલાકારોમાંના એક દિલીપ કુમારે ૩ વર્ષ પહેલા આ દુનિયાને અલવિદા કહ્યું. દિલીપ કુમારની ત્રીજી પુણ્યતિથિ પર તેમની પત્ની, પીઢ અભિનેત્રી સાયરા બાનુએ સોશિયલ મીડિયા પર તેમને યાદ કરતી એક લાંબી નોટ શેર કરી છે. સાયરાએ પોતાની નોટમાં દિલીપ સાહેબ સાથે જોડાયેલી કેટલીક રસપ્રદ વાતો જણાવી છે. તેમણે કહ્યું કે એક સમયે દિલીપ કુમારને અનિદ્રાની ગંભીર ફરિયાદ હતી, એટલે કે તેઓ ઊંઘી શકતા ન હતા. આ માટે તેણે દવા પણ લીધી હતી પરંતુ તે પણ કારગત નીવડી. પોતાની નોંધમાં સાયરા બાનુએ કહ્યું, 'સર (દિલીપ કુમાર) ઓલ ટાઈમ ગ્રેટ એક્ટર હતા. તેના માટે બધું જ ઉપલબ્ધ હતું, છતાં ઘણા લોકોને ખબર ન હતી કે તેને ગંભીર અનિદ્રા છે. અમારા લગ્ન પહેલા દવા લીધા પછી પણ તે સવાર સુધી જાગતા જ રહેતા. જો કે, એકવાર અમે લગ્ન કરી લીધા અને અમારા માટે એકબીજા વિના જીવવું મુશ્કેલ થઈ ગયું, તે સમયસર સૂવા લાગ્યો. તેણે મને એક સુંદર ઉપનામ પણ આપ્યું, પ્રેમથી કહ્યું, 'સાયરા, તું મારી ઊંઘની ગોળી છે, તું જ મારું ઓશીકું છે.' જે પ્રેમથી તે આ વાત કહેતો હતો તે યાદ કરીને આજે પણ હસવું આવે છે. સાયરાએ દિલીપ સાહેબની બીજી એક ઘટના કહી, જ્યારે તેણે સાયરા માટે એક સુંદર ચિઠ્ઠી લખી હતી. આ નોટનો ફોટો શેર કરતી વખતે સાયરાએ કહ્યું કે તેને સંગીતનો ખૂબ જ શોખ હતો, તેથી તેના ઘરે ઘણી વખત મેળાવડા જેવો દરબાર થતો હતો, જ્યાં કલાકારો આવીને સંગીત રજૂ કરતા હતા. સાયરાએ કહ્યું કે, સાહેબ ઘણીવાર કોર્ટમાંથી સૂવા માટે સરકી જતા હતા. આવી જ એક સાંજે, કોર્ટમાંથી ગાયબ હોવા છતાં, તે મારા વિના સૂઈ શકતો ન હતો. તેથી તેણે મને એક ચિઠ્ઠી લખી, 'મને ઊંઘ આવી રહી છે, આંટી તમારી શું સલાહ છે?... ૧૦૦% તમારી.'

# 'ધક ધક'માં નફો બુક કરી પ્રોડ્યુસર્સે ફિલ્મને તરછોડી

## આ ફિલ્મમાં રત્ના પાઠક શાહ, દિયા મિર્ઝા, ફાતિમા સના શેખ અને સંજના સાંઘી જેવા સ્ટાર મુખ્ય રોલમાં હતા

તાપસી પન્નુએ ૨૦૨૨માં પ્રોડ્યુસર તરીકે શરૂઆત કરી પછી તેણે તરુણ દુદેજાની ફિલ્મ 'ધક ધક'ને પણ સપોર્ટ કર્યો હતો. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તેણે ખુલાસો કર્યો છે કે ફિલ્મ રિલીઝ કરવી અઘરી હતી, કારણ કે પોતાનો ભાગ મળી ગયા પછી ફિલ્મના પ્રોડ્યુસર્સ ગાયબ થઈ ગયા હતા. તાપસીએ અજય બહલની હોરર થ્રિલર 'બ્લર' સાથે પ્રોડક્શન ક્ષેત્રે ડેબ્યુ કર્યું હતું. જ્યારે તેની 'ધક ધક' ઓક્ટોબર ૨૦૨૩માં રિલીઝ થઈ હતી. પરંતુ બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી ન હોતી. તાપસીએ કહ્યું,"જો બહુ મોટા બજેટની ફિલ્મ ન હોય તો ફિલ્મ થિએટરમાં રિલીઝ




થાય તે પહેલાં જ પ્રોડ્યુસર્સના પૈસા રીકવર થઈ જાય છે. તેમને પૈસા મળી જાય એટલે એ લોકો માત્ર ટોકન રિલીઝ જ કરે છે. તેમને પ્રિન્ટ્સ અને જાહેરાત માટેના પૈસા પણ ખર્ચવા હોતા નથી. જ્યારે એક્ઝિબિટર્સને લાગે છે કે આમ જનતાને ગમે એવી ફિલ્મ નથી, તો ઈલેક્ટ્રિસીટી અને પોપકોર્નના પૈસા પણ શું કામ બગાડવાના? તેથી તમને કોઈ ઠેકાણા વગરના શો અને થિએટર મળે છે. પછી અચાનક જ તમારી ફિલ્મ અઠવાડિયામાં અધવચ્ચે ઉતારી લેવાય છે. એ સમયે હું બહુ જ અકળાઈ ગઈ હતી. ફિલ્મનું ટ્રેલર આવ્યું એના ૪-૫ દિવસમાં જ અમે ફિલ્મ બતાવવાનું શરૂ કરી દીધું હતું. તેથી લોકો અમારી પાસે આવ્યા અને કહ્યું કે તે લોકો અમને ફિલ્મ પ્રમોટ કરવામાં મદદ કરશે. તેમ છતાં મારા પ્રોડ્યુસર્સ મારી સાથે નહોતા, જેમણે એવું કહી દીધેલું કે, અમારાથી થતું હતુ એટલું અમે કર્યુ હવે અમે દર્શકો પર છોડી દીધું છે. તેમને એવું હતું કે, અમારે શું? તેમને પોતાના પૈસા મળી ગયા છે હવે ઓડિયન્સ તો એ જાતે શોધી લેશે." તાપસીએ કહ્યું કે તે સમગ્ર ઘટના બહુ નિરાશાજનક હતી પણ ફિલ્મની કાસ્ટ તેની સાથે અડીખમ રહી હતી. "ફિલ્મની ચાર મહિલાઓ, તેઓ ફિલ્મની પડખે ઊભાં રહ્યા. દિયાએ અમને મદદ કરી અને તેના ઘરમાં અમારા કલાકારોના ઈન્ટરવ્યૂ માટે જગ્યા આપી.



### રિતેશે તાજેતરમાં જ 'પિલ'થી ઓટીટી ડેબ્યુ કર્યું છે

# '૩૫ કરોડ માગતા કલાકારની ફિલ્મ 3 કરોડ પણ કમાઈ શકતી નથી'

## સ્ટાર્સની તોતિંગ ફીના કારણે ફિલ્મ પર વધી રહેલા ભારણ અંગે કરણ અને રીતેશને ચિંતા

ફિલ્મના કલાકારો દ્વારા વસૂલાતી ફી અને બોક્સ ઓફિસ પર સતત નિષ્ફળ જઈ રહેલી ફિલ્મો આજકાલ ચર્ચાનો એક ગંભીર મુદ્દો બની રહ્યા છે. આ વર્ષ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે નબળું રહ્યું છે. ૨૦૨૩માં રિલીઝ થયેલી 'જવાન'એ ૧૧૬૦ કરોડની કમાણી કરી હતી. જ્યારે આ વર્ષની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ 'ફાઈટર'એ માંડ ૩૫૮ કરોડના કમાણી કરી છે. આ અંગે કરણ જોહરે કહ્યું છે કે હવે આપણે થિએટરમાં સફળતાના માપદંડો બદલવાનો સમય પાકી ગયો છે. એક યુટ્યુબ ઈન્ટરવ્યૂમાં કરણે કહ્યું,"પહેલું તો, દર્શકોની પસંદ હવે ફિલ્મો બાબતે બહુ ચોક્કસ થઈ ગઈ છે. તેમને એક ચોક્કસ પ્રકારનું સિનેમા જોવું ગમે છે. જો તમારે અમુક નક્કી રકમ કમાવાની ગણતરી હોય તો તમારી ફિલ્મ એ, બી અને સી બધા જ પ્રકારના વિસ્તારોમાં સારી ચાલવી જોઈએ. માત્ર મલ્ટિપ્લેક્સ પૂરતાં નથી." "હવે ફિલ્મ બનાવવાનો ખર્ચ પણ વધી ગયો છે. સામે ફુગાવો પણ એટલો જ છે. હિન્દી સિનેમામાં માંડ ૧૦ એક્ટર એવા છે જે ચાલે છે, પણ તે લોકોને સૂર્ય, ચંદ્ર, તારાઓ અને પૃથ્વી બધું જ જોઈએ છે. તેથી તમે તેમને મોં માગી ફી આપો, પછી તમે ફિલ્મનો ખર્ચ પણ આપો. પછી ફિલ્મ બનાવવાના ખર્ચ આવે. અંતે તમારી ફિલ્મ નિષ્ફળ જાય. જે સ્ટાર ૩૫ કરોડ માગે છે, તેની ફિલ્મ ૩.૫ કરોડ પણ નથી કમાતી. આ ગણિત કઈ રીતે ચાલે? છતાં તમારે ફિલ્મો બનાવતા રહેવી પડે અને કન્ટેન્ટ બનાવતા રહેવું પડે કારણ કે તમારે પણ તમારી કંપની ચલાવવાની છે. આમ એક સાથે અનેક વસ્તુઓ દાવ પર લાગેલી હોય છે." આગળ કરણે કહ્યું હતું, "હિન્દી સિનેમામાં દર દસ વર્ષે એક ચોક્કસ પ્રકારની ફિલ્મોનો તબક્કો આવે છે. જો 'પઠાણ' અને 'જવાન' ચાલી જાય તો શું તમારે માત્ર એક્શન ફિલ્મો જ બનાવવી? પછી દર્શકો આ ફિલ્મમાંથી ભાગી જશે. પછી અચાનક એક લવ સ્ટોરી ચાલી જશે. મને લાગે છે કે આપણે ધડમાથા વિના યુદ્ધ લડવા નીકળ્યા હોય એવી સ્થિતિ છે. આપણે હજુ એ સમજી શક્યા નથી કે હવે દર્શકોને ભારતના મૂળ સાથે જોડાયેલી છતાં મજા આવે એવી ફિલ્મ જોઈએ છે, એમાં વિવેચકો શું કહેશે એ વિચારવનાની જરૂર નથી." આ મુદ્દે રિતેશ દેશમુખે પણ તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં મહત્વની વાત કરી છે, તેણે કહ્યું કે ફિલ્મ સ્ટારની ફી ફિલ્મ ટકશે કે નહીં તે નક્કી કરશે, તે જ્યારે પોતે ફિલ્મ બનાવે છે, ત્યારે પોતાની એક્ટિંગ માટે એક પણ પૈસો લેતો નથી.





### 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ ફરી શૂટ થઈ રહી છે

# વિક્રાંતની ગોધરાકાંડ પર આધારિત ફિલ્મ પોસ્ટપોન કેમ?




## તુષાર હીરાનંદાનીની ફિલ્મ રાજકુમાર રાવની 'શ્રીકાંત' ફિલ્મને વિવેચકોએ ખુબ વખાણી છે

તુષાર હીરાનંદાનીની ફિલ્મ રાજકુમાર રાવની 'શ્રીકાંત' ફિલ્મને વિવેચકોએ ખુબ વખાણી છે. દિવ્યાંગ લોકો પ્રત્યેનો પ્રેરણાસભર અને જાગૃત કરતી આ ફિલ્મ ઘણા લોકોને સ્પર્શી ગઈ હતી. હવે તુષાર પોલિટિકલ થ્રિલર ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' પર કામ કરી રહ્યા છે, જેમાં '૧૨વીં ફેઈલ'નો વિક્રાંત મેસ્સી લીડ રોલમાં તેમજ રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા પણ મહત્વના રોલમાં જોવા મળશે. પહેલાં આ ફિલ્મ મે મહિનામાં રિલીઝ થવાની હતી. પછી આ ફિલ્મ પોસ્ટપોન થઈ હોવાના અહેવાલો આવ્યા હતા, જેમાં કલકી હાલ સફળતાથી ચાલી રહી છે, અને ત્યાર બાદ 'ઔરોં મેં કહાં દમ થા' સાથે ક્લેશ ટાળવાનું કારણ દર્શાવવામાં આવ્યું હતું. હવે એવા અહેવાલો આવી રહ્યા છે, કે આ ફિલ્મના કેટલાક ભાગ ફરી શૂટ કરવાના હોવાથી તેને પોસ્ટપોન કરવામાં આવી છે. ગોધરાકાંડની આસપાસની ઘટનાઓ પર બનેલી આ ફિલ્મને પહેલાં સેન્સર બોર્ડે ઈલેક્શન પહેલાં રિલીઝ થતાં અટકાવી હતી. તેના કેટલાંક વાંધાજનક દૃશ્યો માટે સેન્સર બોર્ડે કેટલાંક સૂચનો પણ કર્યા હતાં. જોકે, તાજા સમાચાર મુજબ કેટલાક વધુ 'શક્તિશાળી દૃશ્યો'ને ફરી શૂટ કરવામાં આવી રહ્યા છે. મુંબઈમાં જ આ શૂટ ચાલી રહ્યાં છે, ત્યારે અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. સાથે કેટલીક અફવાઓ એવી પણ છે કે સેન્સર બોર્ડ દ્વારા કેટલાક દૃશ્યોમાં દખલગીરી થઈ રહી છે. તેની કારણે ફિલ્મ વારંવાર પોસ્ટપોન થઈ રહી છે. કારણ ગમે તે હોય પણ આ ફિલ્મ જોવા માટે દર્શકો આતુર છે તે વાત નિશ્ચિત છે. દરેક ફિલ્મના પ્રોડ્યુસર્સ ઈચ્છે છે કે તેમની ફિલ્મની રિલીઝને કોઈ હરિફાઈ ન નડે અને તેમને કોઈની સાથે પોતાના થિએટર સ્ક્રિન વહેંચવા ન પડે. તેથી પ્રોડ્યુસર્સ કોઈ મોટી ફિલ્મ રિલીઝ થઈ રહી હોય ત્યારે પોતાની ફિલ્મોને રિલીઝ કરવાનું ટાળે છે. આ જ કારણથી 'કલ્કિ'ના કારણે પહેલાં અજય દેવગનની 'ઔરોં મેં કહાં દમ થા'ની રિલીઝ જુલાઈથી પાછળ ખસેડીને ૨ ઓગસ્ટ કરવામાં આવી. ત્યાર બાદ પણ આ ફિલ્મને સોલો રિલીઝ ન મળી. તેની સાથે હોલિવૂડ અને બોલિવૂડની કુલ ૩ ફિલ્મો રિલીઝ થઈ રહી હતી.

# ઇન્ટિમેટ સીન માટે રકુલપ્રીત રેડી, પણ શરતો લાગુ...

## રકુલપ્રીતે ૨૦૧૭માં આપેલા એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તેને એડલ્ટ સીન કરવામાં કોઈ પણ પ્રકારનો વાંધો નથી



**રકુલ પ્રીતની 'ઇન્ડિયન ૨' પણ આવી રહી છે**

સાઉથની ફિલ્મોથી લઈને બોલિવૂડમાં પોતાના અભિનયથી પોતાની ઓળખ બનાવનારી રકુલપ્રીત સિંહ હાલ પોતાની મેરિડ લાઈફ એન્જોય કરી રહી છે. એક તરફ તેના પતિ જેકી ભગનાનીનું પ્રોડક્શન હાઈસ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે, બીજી તરફ રકુલપ્રીતની ફિલ્મ 'ઈન્ડિયન ૨' આવી રહી છે, ત્યારે તેનો એક જૂનો ઈન્ટરવ્યૂ ફરી ચર્ચામાં આવ્યો છે. જેમાં તેણે ફિલ્મોમાં એડલ્ટ સીન આપવા વિશે વાત કરી હતી. રકુલ એ પણ ખુશ છે કે તેણે આ ફિલ્મમાં કામ કરીને તેની વિશલિસ્ટમાંથી બે નામો ટિક કર્યા છે, જે ૧૨ જુલાઈએ સ્ક્રીન પર આવવાની છે. . ઈન્ડિયન ૨ સાથે, મને તેમાંથી બે લોકો સાથે કામ કરવાની તક મળી - રકુલપ્રીતે પોતાની કેરિઅરની શરૂઆત કન્નડ ફિલ્મ 'ગિલ્લી' સાથે કરી હતી. ત્યાર પછી તેણે ઘણી સાઉથની




ફિલ્મોમાં કામ કર્યુ. હવે તે ઘણી હિન્દી ફિલ્મો કરી ચુકી છે. 'ઈન્ડિયન ૨' લગ્ન પછીની તેની પહેલી ફિલ્મ હશે. ત્યારે તેના ફેન્સ પણ મોટા પડદે તેની ઘણા સમયથી રાહ જોઈ રહ્યા છે. રકુલપ્રીતે ૨૦૧૭માં આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તેને એડલ્ટ સીન કરવામાં કોઈ વાંધો નથી. ત્યારે રકુલને પૂછવામાં આવ્યું હતું કે શું તેને ફિલ્મમાં કિસના સીન કરવામાં કોઈ વાંધો છે? તો તેણે કહ્યું હતું કે,"જો સ્ક્રિપ્ટમાં આવા સીનની જરૂર હોય તો હું એ સીન જરૂર કરીશ. તેના માટે હું તૈયાર છું." સાથે રકુલે એવી સ્પષ્ટતા પણ કરી હતી કે તે આવા સીન એક જ શરતે કરશે. તેણે કહ્યું કે, "આવા સીનથી ફિલ્મની પબ્લિસિટી ન થવી જોઈએ." રકુલે એમ પણ કહ્યું હતું કે એક્ટ્રેસના ગ્લેમરસ કપડાં એ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો એક જરૂરી ભાગ છે. દરેક ફેન ઈચ્છે છે કે તેઓ તેમની મનપસંદ અભિનેત્રીને ગ્લેમરસ કપડાંમાં જુએ. રકુલની 'ઈન્ડિયન ૨' ૧૨ જુલાઈએ થિએટરમાં રિલીઝ થશે. લાઈકા પ્રોડક્શન્સના એ સુબાસ્કરન દ્વારા નિર્મિત ઈન્ડિયન ૨ માં મુખ્ય ભૂમિકા ભજવનાર રકુલ પ્રીત સિંઘ કહે છે, "હું આવી સુપ્રસિદ્ધ ફ્રેન્ચાઈઝીનો ભાગ બનીને ખુશ છું." અભિનેત્રી મૂળ ભારતીય (૧૯૯૬)ની અસરને આબેહૂબ રીતે યાદ કરે છે. તેના પર "તે જોયા પછી, મને લાગ્યું કે, 'વાહ, શું ફિલ્મ છે' તે તે ફિલ્મોમાંની એક છે જેની સમાજ પર અસર પડી હતી.

### રણવીર સિંહ, સંજય દત્ત, અર્જુન રામપાલ અને માધવન સાથે કામ કરશે

# નિખિલની 'ડી-ડે' પ્રકારની ફિલ્મ હશે

## આદિત્ય ધર બનાવશે મિશન આધારિત ફિલ્મ, 'ધુરંધર' ફિલ્મમાં રણવીર સ્પાય બનશે

તેની બોલિવૂડના પ્રોડ્યુસર્સ જેને ટેકો ન આપી શક્યા તેવી અતિ મહત્વાકાંક્ષી ગણી શકાય તેવી ફિલ્મ 'ઈમમોર્ટલ અશ્વત્થામા' ન બની શકી તો શું? 'ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈક' જેવી ડિરેક્ટર તરીકે પહેલી જ અને બોલિવૂડની સૌથી મોટી બ્લોક બસ્ટર ફિલ્મ આપવા છતાં પાંચ વર્ષ સુધી બીજી ફિલ્મ ન આપી શક્યા તો પણ શું? આદિત્ય ધર નવી ફિલ્મ શરૂ કરવા માટે ઈન્ડસ્ટ્રીની અનિશ્ચિતતાઓથી ડગતા નથી અને અશ્વત્થામા જેવા જ નવા મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ સાથે પાછા ફરે છે. એવા અહેવાલો જાણવા મળી રહ્યા છે કે આદિત્ય ધરે પોતાની આગામી ફિલ્મ 'ધુરંધર' માટે રણવીર સિંહ, સંજય દત્ત, આર માધવન અને અર્જુન રામપાલ જેવી મોટી સ્ટાર કાસ્ટને તૈયાર કરી લીધી છે. આ ફિલ્મ સંદર્ભે હજુ કદાચ કોઈ કરાર થયા નથી પરંતુ તેઓ આ ફિલ્મ માટે સહમત થઈ ગયા હોવાનું જાણવા મળે છે, હવે તેઓ આ ફિલ્મ માટે આગળનું આયોજન કઈ રીતે કરવું તેના પર કામ કરી રહ્યા છે. આ એક મિશન આધારિત ફાસ્ટ થ્રિલર ફિલ્મ છે, જેમાં રણવીર સિંહ લીડ રોલમાં હશે, તેના સાથે આર માધવન, સંજય દત્ત અને અર્જુન રામપાલ પણ મહત્વના રોલમાં જોવા મળશે. આદિત્ય આ કલાકારોને પહેલી વખત એક ફિલ્મમાં એક સાથે લાવશે. તે માત્ર એક સારી અને મજબૂત સ્ક્રિપ્ટના કારણે બધાને એક સાથે એક ફિલ્મમાં લેવામાં સફળ રહ્યા છે. આ નિખિલ અડવાણીની 'ડી-ડે' પ્રકારની એક ફિલ્મ હશે, જેમાં રણવીર સિંહ એક ઈન્ટેલિજન્સ ઓફિસરના રોલમાં જોવા મળશે, જ્યારે અન્ય પાત્રો અંગેની માહિતિ હજુ ખાનગી રાખવામાં આવી રહી છે. આદિત્ય અને તેનો ભાઈ લોકેશ ધર 'બી૬૨' સ્ટુડિયો બેનર હેઠળ એક મોટા સ્ટુડિયો સાથે મળીને આ ફિલ્મ પ્રોડ્યુસ કરશે. આ એક ભવ્ય અને બીગ બજેટ ફિલ્મ હશે. જેનું ભારતમાં અને વિદેશોમાં મોટા પાયે શૂટિંગ કરવામાં આવશે.



### 'કલ્કિ'ફિલ્મનો અગ્યાર દિવસમાં જ કમાલ

# અગ્યાર દિવસમાં ફિલ્મ ૯૦૦ કરોડને પાર, ભારતમાં રૂપિયા ૫૦૦ કરોડ

## વર્લ્ડવાઈડ સફળતા મેળવી રહી છે અને તેના પ્રોડ્યુસર્સે આ સક્સેસ સ્ટોરીને શેર કરી છે

પ્રભાસ, દીપિકા પાદુકોણ અને અમિતાભ બચ્ચનની બિગ બજેટ ફિલ્મ 'કલ્કિ ૨૯૮૯ એડી'એ રિલીઝના ૧૧ દિવસમાં ગ્લોબલ બોક્સઓફિસ પર રૂ.૯૦૦ કરોડથી વધુનું કલેક્શન મેળવી લીધું છે. ૨૭ જૂને રિલીઝ થયેલી આ ફિલ્મ વર્લ્ડવાઈડ સફળતા મેળવી રહી છે અને તેના પ્રોડ્યુસર્સે આ સક્સેસ સ્ટોરીને શેર કરી છે. વૈજયંતી મૂવીસ દ્વારા એક્સ પ્લેટફોર્મ પર પોસ્ટર શેર કર્યુ હતું અને આ મેજિકલ માઈલ સ્ટોનની માહિતી આપી હતી. આ સાથે પ્રેસનોટમાં જણાવાયુ હતું કે, આ ફિલ્મ ૧૦૦૦ કરોડના માઈલસ્ટોની તરફ આગળ વધી રહી છે. ૧૧ દિવસમાં તેને રૂ.૯૪૫ કરોડનું વર્લ્ડવાઈડ કલેક્શન મળ્યું છે, જેમાંથી ૫૦૦ કરોડ ભારતીય બોક્સઓફિસના છે. ફિલ્મની સફળતા અંગે વાતચીત દરમિયાન ડાયરેક્ટર નાગ અશ્વિને માર્વેલ સ્ટુડિયોઝની ફિલ્મ પાસેથી 'કલ્કિ'ની પ્રેરણા મળી હોવાનું સ્વીકાર્યુ હતું. તેમણે કહ્યુ હતું કે, માર્વેલની ફિલ્મો જોતાં અમે મોટાં થયા છીએ. આયર્ન મેન કરતાં ગાર્ડિયન ઓફ ગેલેક્સીની અસર વધારે હતી અને સ્ટારવોર્સ પાસેથી પણ ઘણું શીખવા મળ્યું હતું. મારા મનમાં ઊંડે સુધી આ ફિલ્મો ઘર કરી ગઈ હોવાથી તે મારી કલાસૃષ્ટિમાં વણાયેલી હતી. ફિલ્મમાં કમલ હાસને સુપ્રીમ યાસ્કિનનો રોલ કર્યો છે. હેરી પોટરના વોલ્ડમોર્ટથી આ કેરેક્ટર પ્રેરિત હોવાનું મનાય છે. જો કે નાગ અશ્વિને તિબેટિયન સાધુઓથી પ્રેરિત આ કેરેક્ટર બનાવ્યું હતું.



# ભારતીય રેલવે અને આઈ આર સી ટી સી દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશ અંતર્ગત, IRCTC લઈને આવ્યું છે ધાર્મિક પ્રવાસો

## ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા શ્રાવણ સ્પેશ્યલ '૦૭ જ્યોતિર્લિંગ યાત્રા'

। રાજકોટ, તા.૧૦ ।

આ યાત્રા ભારત ગૌરવ ટ્રેન હેઠળ: ૦૩.૦૮.૨૦૨૪ થી ૧૨.૦૮.૨૦૨૪ (૦૯ રાત્રી / ૧૦ દિવસ) રાજકોટ થી પ્રસ્થાન થશે. આ ટ્રેનમાં મુસાફરો રાજકોટ, સુરેન્દ્રનગર - વિરમગામ - સાબરમતી - નડિયાદ - આણંદ - છાયાપુરી (વડોદરા) - ગોધરા - દાહોદ - મેઘનગર - રતલામ થી બેસી શકે છે.

આ યાત્રા દરમિયાન IRCTC મહાકાલેશ્વર - ઓમકારેશ્વર - ત્ર્યંબકેશ્વર - ભીમાશંકર - ગ્રિષ્ણેશ્વર - પરલી વૈજનાથ - મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ ના દર્શન કરાવશે.

IRCTC તેના મુસાફરોને આરામદાયક મુસાફરી આપવા માટે પ્રતિબદ્ધ છે. આધુનિક કિચન કાર મુસાફરોને તેમની સીટ પર જ સ્વાદિષ્ટ શાકાહારી ભોજન આપશે. મુસાફરોને મનોરંજન અને મુસાફરીની માહિતી આપવા માટે ટ્રેનમાં ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. સુરક્ષા માટે દરેક કોચમાં પ્રાઈવેટ સુરક્ષા ગાર્ડ અને સીસીટીવી કેમેરા પણ ઉપલબ્ધ રહેશે. આ ટૂર પેકેજની કિંમતમાં, IRCTC મુસાફરોને ટ્રેનની મુસાફરી ઉપરાંત સ્વાદિષ્ટ શાકાહારી ભોજન, બસ દ્વારા પ્રવાસન સ્થળોની મુલાકાત, હોટેલમાં રહેવાની વ્યવસ્થા, માર્ગદર્શિકા અને અકસ્માત વીમો વગેરે જેવી સુવિધાઓ પૂરી પાડશે.

આ અંતર્ગત, પ્રવાસ માટે ત્રણ શ્રેણીઓ નક્કી કરવામાં આવી છે, જેમાં સ્ટાન્ડર્ડ ક્લાસ (સ્લીપર) માટે રૂ. ૨૦, ૯૦૦/-, કમ્ફર્ટ ક્લાસ -3AC માટે રૂ. ૩૪, ૫૦૦/- અને સુપિરિયર ક્લાસ- 2AC માટે રૂ. ૪૮, ૯૦૦/-, -ના દરો નક્કી કરવામાં આવ્યા છે. આ પ્રવાસમાં IRCTC દ્વારા LTC સુવિધા પણ આપવામાં આવી રહી છે.

IRCTC દ્વારા શરૂ કરવામાં આવેલા આ ટૂર પેકેજમાં બુકિંગ શરૂ થઈ ગયું છે, હવે પેકેજ બુક કરો EMI થી આ સુવિધા ફક્ત ઓનલાઈન બુકિંગ માટે ઉપલબ્ધ છે. બુકિંગ માટે IRCTC ની વેબસાઈટ (www.irctctourism.com) પર લોગીન કરો અથવા અધિકૃત એજન્ટો પાસેથી પણ ઓનલાઈન ટૂર પેકેજ બુક કરાવી શકો છો. રસ ધરાવતા પ્રવાસીઓ ટુર પ્રોગ્રામ માટે WhatsApp (૯૬૫૩૬૬૧૭૧૭) અથવા ઈમેઈલ: roadi@irctc.com પર કરી શકો છો.

આ અંગે વધુ માહિતી અને બુકિંગ માટે આઈ. આર.સી.ટી.સી.ની ઓફિસમાં નીચેના ફોન નંબર પર સંપર્ક કરો:

અમદાવાદ:
૦૭૯-૨૯૭૨૪૪૩૩/૪૯૧૯૦૦૩૭, ૯૩૨૧૯૦૧૮૪૯, ૯૩૨૧૯૦૧૮૫૧, ૭૦૨૧૦૯૦૫૭૨, ૭૦૨૧૦૯૦૬૨૬

વડોદરા:
૭૦૨૧૦૯૦૬૨૬, ૭૦૨૧૦૯૦૮૩૭

રાજકોટ:
૭૦૨૧૦૯૦૬૧૨, ૯૩૨૧૯૦૧૮૫૨

સુરત:
૭૦૨૧૦૯૦૪૯૮, ૯૩૨૧૯૦૧૮૫૧, ૭૦૨૧૦૯૦૬૪૪

પ્રાદેશિક કાર્યાલય: ૫૦૨, ૫મો માળ, પેલિકન બિલ્ડીંગ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, આશ્રમ રોડ, અમદાવાદ. ૩૮૦૦૦૯.

# આયુષ્માન આરોગ્ય મંદીર ધાવડીયા ખાતે વિશ્વ વસ્તી દિન ની ઉજવણી અંતર્ગત લઘુ શિબિર યોજાઈ



। (માહિતી) ઝાલોદ, તા.૧૦ ।

વિશ્વ વસ્તી દિનની ઉજવણી અંતર્ગત જીલ્લા આરોગ્ય અધિકારી અને અધિક જીલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન અન્વયે ધાવડીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હસ્તકના આયુષ્માન આરોગ્ય મંદીર ધાવડિયાની આંગણવાડી ખાતે લઘુ શિબિર યોજાઈ જેમાં ગામ માંથી લક્ષિત દંપતીને બોલાવવામાં આવેલ હતા આ શિબિરમાં વસ્તી વધારાની સમસ્યા અને વસ્તી નિયંત્રણ અંગે મોડા લગ્ન બાળલગ્નો અટકાવવા નાનું કુટુંબ સુખી કુટુંબ લક્ષિત દંપતીને જરૂરિયાત મુજબ બિન કાયમી પદ્ધતિ જેવી કે પુરૂષો માટે નિરોધ, સ્ત્રીઓ માટે ગર્ભ નિરોધક ગોળીઓ, અંતરા ઈન્જેક્શન, બે બાળકો વચ્ચે ગાળો રાખવો કોપર ટી બે કે તેથી વધુ બાળકો વાળા દંપતીઓ માં પુરૂષો માટે કાપા કે ચીરા વગરની નસબંધી સ્ત્રીઓ માટે લેપ્રોસ્કોપી અને ટાકાવાળું ઓપરેશન તેમજ કુટુંબ કલ્યાણ પદ્ધતિઓ અપનાવનાર લાભાર્થીઓને મળતા આર્થિક લાભો અને દિકરી યોજના વિશે ખૂબજ વિસ્તારપૂર્વક માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ માં પ્રા આ કેન્દ્રના CHO તથા તાલુકા ફિમેલ હેલ્થ સુપરવાઈઝર લક્ષિત દંપતી આશા બહેન સહીત હાજર રહયા હતાં.

# ઝાલોદ તા. વિકાસ અધિકારને મનરેગા કામો હેઠળ થતા ભ્રષ્ટાચારને અંકુશ લાદવા કરાઈ રજૂઆત

## તાલુકા પંચાયતમા અવાર નવાર આ બાબતે LCB ટ્રેપ હેઠળ અધિકારીઓની ધરપકડ પણ કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ તાલુકા ખાતે છેલ્લા એક વર્ષમા મનરેગા શાખામા કામ કરતા કર્મચારીઓ ભ્રષ્ટાચાર આચરતા હોય તે બાબતે ફરિયાદો મળતા LCB ટ્રેપ હેઠળ ધરપકડ થયેલ છે.આમ કોઈ લાભાર્થીને કામ લેવા માટે ચોક્કસ ટકાવારી આપીને પણ કામ લેવા મજબુર પડવુ પડે છે..આમ આ બાબતે ઝાલોદ તાલુકા વિકાસ અધિકારીઓ આવા કર્મચારીઓની યોગ્ય તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરી ભ્રષ્ટાચાર પર અંકુશ મુકવા આજરોજ ઝાલોદ તા. આપ અધ્યક્ષ તેમજ ઉમેદવાર અનિલભાઈ ગરાસિયા અને ઝાલોદ આપ કાર્યકર્તાઓ દ્વારા તા.વિકાસ અધિકારીને ભ્રષ્ટાચાર પર અંકુશ લાદવા રજૂઆત કરાઈ હતી તેમજ જો આ બાબતે યોગ્ય કાર્યવાહીમા વિલંબ કરાશે તો આવનાર સમયમા ગાંધી માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી.

# ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ દ્વારા પીકઅપ ગાડીમા લઈ જવાતો ૧૪૨૫૬૦નો વિદેશી દારૂ સાથે એક વ્યક્તિની અટકાયત કરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ ગોહેલ પોતાના પોલીસ સ્ટાફ સાથે કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે પેટ્રોલિંગમા હતા ત્યારે તેમને બાતમી મળેલ હતી કે એક સફેદ કલરની પીકઅપ ગાડી GJ-20-X-1715 વિદેશી દારૂના જથ્થા સાથે લીમડી થી લીમખેડા તરફ જવાની છે ત્યારે પી.એસઆઈ ગોહેલ દ્વારા લોમડી બાયપાસ નજીક લીમખેડા જતા રસ્તા પર થોડીક આગળ પોલીસ સ્ટાફ ગોઠવી વોચ કરી રહેલ હતા. અચાનક બાતમી વાળું વાહન આવતા જોવાતા પોલીસ દ્વારા દૂરથી વાહન રોકવાનો ઈસારો કરવામાં આવતા પીકઅપ ગાડીના ચાલક દ્વારા રોડ પર ઉભી રાખી અંધારાનો લાભ લઈ નાસી ગયેલ હતો જ્યારે ગાડીના ચાલક પાસે બેસેલ અન્ય વ્યક્તિને પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. ઝડપાયેલ વ્યક્તિનું નામ પૂછતાં તેણે તેનું નામ રમેશ માનસીંગ ડામોર (વિહાર, થાંદલા) અને ફરાર ગાડી ચાલકનું નામ પૂછતાં તેનું



નામ સાધુ માલા ડામોર (પાંછલી ભીંત, થાંદલા) બતાવેલ હતું. તેમજ પીકઅપ ગાડીના માલિકનુ નામ ઈ.ગુજકોપમા સર્ચ કરતા તેનું નામ દિનેશ જીલુ મુનિયા (મોડાસા) જણાઈ આવેલ હતું.

પોલીસ દ્વારા ગાડીની તપાસ કરાતા તેમને વિદેશી દારૂની કુલ ૧૦૦૮ બોટલ મળી આવી હતી જેની અંદાજિત કિંમત ૧૪૨૫૬૦ તેમજ પીકઅપ ગાડીની કિંમત ૫૦૦૦૦૦ થઈ અંદાજીત ૬૪૨૫૬૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં સફળતા મેળવેલ છે. તેમજ પોલીસ દ્વારા આ અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# જમ્મુ ખાતે શહીદ થયેલા જવાનોને મોરારીબાપુની શ્રધ્ધાંજલિ અને ઉન્નાવ દુર્ઘટનામાં પરિવારજનોને સહાય

। અમદાવાદ, તા.૧૦ ।

જમ્મુ કાશ્મીરમાં દેશ વિરોધી પ્રવૃત્તિ ચાલે છે જેને નેસ્તનાબુદ કરવા માટે ભારત સરકાર દ્વારા પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવે છે. બે દિવસ પહેલા સર્ચ ઓપરેશન દરમિયાન ત્રાસવાદીઓ દ્વારા સર્ચ ટુકડી પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં પાંચ જવાનો શહીદ થયા છે. પૂજ્ય મોરારીબાપુએ તમામ જવાનોની શહીદીને વંદન કર્યા છે અને એમને શ્રધ્ધાંજલિ પાઠવી છે. પૂજ્ય મોરારીબાપુએ શ્રી ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ દ્વારા તમામ જવાનો માટે આર્મી વેલફેર ફંડમા ૭૫,૦૦૦નું અનુદાન અર્પણ કર્યું છે.

અન્ય એક બનાવમાં બિહારથી દિલ્હી જઈ રહેલી એક ખાનગી બસને ઉન્નાવ નજીક ભયંકર અકસ્માત નડયો હતો અને તેમાં પ્રાપ્ત માહિતી અનુસાર ૧૮ લોકોનાં મોત નિપજયા છે. આ ઘટનાની વિગતો મેળવવામાં આવી રહી છે અને



દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોનાં પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૨,૭૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરવામાં આવશે જે સેવા ઉત્તરપ્રદેશના રામકથાના શ્રોતાઓ દ્વારા પહોંચતી કરવામાં આવશે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

# ઝાલોદ પંચાલ સમાજની દીકરીએ વિદેશમાં માસ્ટર ઇન ફર્નિચર ડિઝાઈનીંગમા પ્રથમ આવી નગરનુ નામ રોશન કર્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ઝાલોદ પંચાલ સમાજની દિકરી હેત્વી ઉપેન્દ્રકુમાર પંચાલ એ વર્લ્ડની ટોપ ડીઝાઈનીંગ કોલેજ પોલીટેકનીકો ડી મિલાનો,ઈટાલી થી માસ્ટર ઈન ફર્નિચર ડીઝાઈનીંગનો અભ્યાસ કરીને પ્રથમ નંબરે આવીને તેના માતાપિતા, નગર તેમજ પંચાલ સમાજનું ગૌરવ વધાર્યુ છે. ત્યા ની કોલેજ દ્વારા દીકરી હેત્વીને ૧૦૦૦ નુ ઈનામ પણ આપ્યુ છે . આ દિકરીએ પોતાના અભ્યાસ દરમ્યાન ૨૦૧૯ મા એના પેપર IJMTE, વોલ્યુમ ૯, અંક VI, જૂન/૨૦૧૯(ISSN NO:2249-7455) લોન્ચ કરી છે જે તમે ગૂગલમા જઈ ને સર્ચ કરી સકો છો જેનુ શીર્ષક છે "ટેક્ષટાઈલ આર્કિટેક્ચરના ઉપયોગ સાથે ટેન્સાઈલ સિંક્લાસ્ટિક સ્ટ્રક્ચરમાં હસ્તક્ષેપ". આટલી મોટી ઉપલબ્ધિ મેળવનાર દીકરી પર સહુ નગરજનો ગર્વની લાગણી અનુભવી રહેલ છે.

# ઝિંદગીના શો દિલ લગી, પ્યારે અફઝલ, પ્યાર કે સદકે વગેરે સાથે આ મહિનાનું મોન્સૂન મેજિક અનુભવો!

। અમદાવાદ, તા.૧૦ ।

ઝિંદગીની જુલાઈ માટે ખાસ તૈયાર કરાયેલી થીમ બેસ્ટ ઓફ રોમાન્સ સાથે મોન્સૂનની સીઝનની મજા લેવા તૈયાર રહો, જે પ્રેમ અને ડ્રામા થકી રોચક પ્રવાસે લઈ જવા માટે વચનબદ્ધ છે. ૪થી જુલાઈએ સાંજે ૪ વાગ્યાથી આરંભ કરતાં દિલ લગી જુઓ, જેમાં હુમાયુ સઈદ અને મેહવિશ હયાતની રોમેન્ટિક વાર્તા સિંધના અંતરિયાળ ભાગમાં આવેલા સુક્કુરની સાંકડી ગલીઓની પાર્શ્વભૂમાં જુઓ.

૧૪ જુલાઈએ સાંજે ૭.૩૦ વાગ્યાથી પ્યારે અફઝલમાં આયેઝા ખાન અને હમઝા અબ્બાસી છે, જેમાં અફઝલનો ફરાહ પ્રત્યે લગાવ પ્રેમ અને અંગત વૃદ્ધિના અણધાર્યા વળાંક પર લઈ જાય છે. આ પછી ૧૬મી જુલાઈએ સાંજે ૬.૦૦ વાગ્યાથી પ્યાર કે સદકેમાં બિલાલ અબ્બાસ અને યુમના ઝૈદી અનુક્રમે અબદુલ્લા અન મહેજબી તરીકે જોવા મળશે. પ્રેમની તેમની ખ્વાહિશમાં પડકારોમાંથી તેઓ કઈ રીતે પસાર થાય છે તે દર્શાવવામાં આવ્યું છે. સિનેમાના શોખીનો માટે ફિલ્મ બેહદ જોવાનું ચૂકશો નહીં. ફવાદ ખાન, સજલ અલી અને અદનાન સિદિકી સાથેની આ ફિલ્મ ૧૪મી જુલાઈએ





સવારે ૧૧.૦૦ વાગ્યાથી પ્રસારિત થશે. પ્રેમ અને પારિવારિક ગતિશીલતાની આ વાક્તા છે. આ પછી ૭મી જુલાઈએ બપોરે ૧૨થી ૨ વચ્ચે શહર એ ઝાત દર્શાવવામાં આવશે, જેમાં અત્યંત ધનાઢ્ય વાલીઓની એકમાત્ર દીકરી માહિરા ખાનની વાર્તા છે. સપનાંનો પુરુષ શોધવાના તેની પ્રવાસની આ મજેદાર વાર્તા છે.

૧૩મી જુલાઈએ રાત્રે ૯ વાગ્યાથી ખોયા ખોયા ચાંદમાં માયા અલી, અહસાન ખાન અને સોહાય અલી આબરૂ છે, જે અંગત પડકારો અને પારિવારિક ગતિશીલતા વચ્ચે પ્રેમ અને ભાગ્યની વાર્તા છે.

# અમદાવાદ મહાનગરપાલિકાની મેલેરિયા અને ડેન્ગ્યુ નિવારણ માટે કવાયત

। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

ચોમાસામાં મચ્છરજન્ય રોગોને ફેલાતા અટકાવવા અને નાગરિકોને આરોગ્ય માટે જાગૃત કરવાના હેતુ સાથે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા મેલેરિયા અને ડેન્ગ્યુ નિવારણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. જેમાં અમદાવાદ મનપાએ ખાસ ટિમો બનાવી વિવિધ વિસ્તારોમાં તપાસણી અને દવાનું વિતરણ કર્યું છે.

આ ટીમો દ્વારા શહેરના ઈસનપુર, આંબલી, બહેરામપુરા સહિતના વિસ્તારોમાં ઘરે-ઘરે જઈને ડેન્ગ્યુ કે મેલેરિયાના મચ્છર કે તેના લારવાની હાજરીની તપાસ કરી હતી. નાગરિકો દ્વારા રોજિંદા જીવનમાં વપરાતી વસ્તુઓ જેવી કે પાણીની ટાંકી, પાણીની માટલી, પાણી ભરવાના વાસણ,



ફુલછોડના કુંડા, કુલર સહિતની વસ્તુઓમાં રહેલા પાણીની તપાસ કરી હતી.

# સંતરામપુર ખાતે બાપા સીતારામના મંદિરમાં તસ્કરોએ તાળા તોડી અને દાન પેટીમાંથી ચોરી કરી

। (પ્રતિનિધી) સંતરામપુર, તા.૧૦ ।

ગઈ રાત્રે સંતરામપુર નગરમાં રાત્રિ દરમિયાન પ્રતાપુરા વિસ્તારમાં આવેલ ખાતે બાપા સીતારામ ના મંદિર ખાતે તસ્કરોએ તાળા તોડી અને દાન પેટીમાંથી આશરે રૂપિયા ૭૦૦૦ની મતાની ચોરી ગયેલ છે આ અગાઉ પણ આવાજ ઈસમો દ્વારા પ્રતાપુરા વિસ્તારમાં આવેલ દુકાનો નાતાડા તોડેલ હતા આ બાબતે મંદિરના પુજારી ભવાની ભાઈ દ્વારા પોલીસ ફરિયાદ છે સંતરામપુર નગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે આ વિસ્તારમાં હનુમાનજી મંદિર



મહાકાલી મંદિર જેવા દેવસ્થાન આવેલા છે અને નાના મોટા વેપારીઓની દુકાનો પણ આવેલી છે તો પરતાપૂરા દુકાનદારોની માગણી છે કે રાત્રે આ જગ્યા પર પોલીસ પોઈન્ટ ઊભો કરે તેવી રજૂઆત કરેલ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજથી સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે. વળી, આ લતમાંથી છૂટવા માટે આ સમય યોગ્ય પણ છે. યાદ રાખો લોઢું ગરમ હોય ત્યારે જ આપણે ઘા કરવો જોઈએ. આજે કોઈની છેડતી કરશો નહીં. તમારા ભાગીદાર સાથે કામ લેવું મુશ્કેલ હશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે ઊભાથતી વખતે અને બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલતમાં આજે પૈસા પાછા આપવા પડી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. આજે રૉમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે. સહકર્મચારીઓ સાથે કામ પાર પાડતી વખતે કુનેહની જરૂર પડશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. તમારી ગર્લફ્રેન્ડ સાથે બિભત્સ ન થતાં. આજે નવી ભાગીદારી આશાસ્પદ ઠરશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે। તમારો વધારાનો સમય નિઃસ્વાર્થ સેવામાં સમર્પિત કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારો માયાળુ સ્વભાવ તમારા માટે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપ જો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

**તુલા (ર,ત) :**
આજે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારે પોતાની કુશળ બુદ્ધિનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમને પરિવારના સભ્યો સાથે કેટલીક મુશ્કેલીઓ હશે પણ તેને તમારા મગજની શાંતિ હણવા ન દો. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો રૉમેન્ટિક દિવસ બગાડી નાખશે.

**મકર (ખ,જ) :**
આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારવામાં તમને ખૂબ મદદ કરશે. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે. આ રાશિ ના વેપારીઓ ને આજે કોઈ નજીકી ની ખોટી સલાહ ને લીધે પરેશાની થયી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ખાસ કરીને તમારે તબિયત પર ધ્યાન આપવું પડશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને- તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો. બાબતોને યોગ્ય રીતે હાથ ધરજો કેમ કે તમારા જીવનસાથીનો મૂડ બહુ સારો જણાતો નથી. જે લોકો વિદેશ વેપાર થી સંકળાયેલા છે તેમને આજે માનમાફિક ફળ મળવાની પુરી અપેક્ષા છે.




વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઑસ્ટ્રિયાના વિયેનામાં ફેડરલ ચેન્સેલરી ખાતે ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું.




વિયેના, ઑસ્ટ્રિયામાં ભારત-ઑસ્ટ્રિયા CEO મીટિંગમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાજરી આપી.



ઑસ્ટ્રિયામાં ભારત-ઑસ્ટ્રિયાના CEO મીટિંગ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગ્રુપ ફોટો સાથે નજરે પડે છે.



ઑસ્ટ્રિયાના વિયેનામાં ફેડરલ ચાન્સેલરી ખાતે સંયુક્ત પ્રેસ સ્ટેટમેન્ટમાં ઑસ્ટ્રિયાના ચાન્સેલર શ્રી કાર્લ નેહામર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી.



ઑસ્ટ્રિયાના વિયેનામાં ફેડરલ ચાન્સેલરી ખાતે ગેસ્ટબુક પર હસ્તાક્ષર કરતા પીએમ મોદી.



ઑસ્ટ્રિયાની આ મુલાકાત ખૂબ જ ખાસ છે કારણ કે ઘણા દાયકાઓ પછી કોઈ ભારતીય વડાપ્રધાન આ અદ્ભુત દેશની મુલાકાત લઈ રહ્યા છે. આ તે સમય પણ છે જ્યારે આપણે ભારત-ઑસ્ટ્રિયા મિત્રતાના ૭૫ વર્ષ ઉજવી રહ્યા છીએ.

### રશિયા બાદ ઓસ્ટ્રિયામાં પણ ભવ્ય સ્વાગત । વિયેનામાં હોટલ પહોંચ્યા બાદ પીએમ મોદીનું વંદે માતરમ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું

# ઓસ્ટ્રિયાના ચાન્સેલરે પીએમ મોદી સાથે પોસ્ટ કરી સેલ્ફી

। ઓસ્ટ્રિયા તા.૧૦ ।

રશિયાનો પ્રવાસ પૂરો કરીને યુરોપિયન દેશ ઓસ્ટ્રિયા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અહીં પણ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. યુરોપીયન દેશમાં વડાપ્રધાનનું રેડ કાર્પેટ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. ઓસ્ટ્રિયાના વિદેશ મંત્રી એલેક્ઝાંડર શૈલેનબર્ગ ખુદ પીએમ મોદીને રિસીવ કરવા એરપોર્ટ પહોંચ્યા હતા. પીએમ મોદીનું સ્વાગત કર્યા બાદ એલેક્ઝાંડર શૈલેનબર્ગે ટ્વિટ કર્યું, 'ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઓસ્ટ્રિયાની ઐતિહાસિક મુલાકાત પર હાર્દિક સ્વાગત છે. આપણા રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠ છે. અમારા દેશો વચ્ચેની ભાગીદારી વૈશ્વિક સુરક્ષા, સ્થિરતા અને સમૃદ્ધિ માટે સંયુક્ત પ્રતિબદ્ધતા પર આધારિત છે. એરપોર્ટથી પીએમ મોદી સીધા ઓસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં હોટેલ રિટ્ઝ-કાર્લટન પહોંચ્યા. અહીં દ્રઈઓએ તેમનું અભિવાદન કર્યું હતું. હોટલ પહોંચતા જ ઓસ્ટ્રિયાના કલાકારોએ વંદે માતરમ સાથે વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું હતું.ચાન્સેલર કાર્લ નેહમરે ઓસ્ટ્રિયા પહોંચેલા પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી. પીએમ મોદી સાથે સેલ્ફી પોસ્ટ કરતા તેમણે કહ્યું, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિયેનામાં આપનું સ્વાગત છે. ઑસ્ટ્રિયામાં તમારું સ્વાગત કરવું એ આનંદ અને સન્માનની વાત છે. ઓસ્ટ્રિયા અને ભારત મિત્રો અને ભાગીદાર છે. હું તમારી મુલાકાત દરમિયાન અમારી રાજકીય અને આર્થિક ચર્ચાઓ માટે આતુર છું!'ચાન્સેલર કાર્લ નેહમરના ટ્વીટને રીટ્વીટ કરતા પીએમ મોદીએ કહ્યું, 'ચાન્સેલર કાર્લ નેહમર, તમને વિયેનામાં મળીને આનંદ થયો. ભારત-ઓસ્ટ્રિયાની મિત્રતા મજબૂત છે અને આવનારા સમયમાં તે વધુ મજબૂત બનશે. તમારા ઉષ્માભર્યા સ્વાગત બદલ આભાર. હું અમારી ચર્ચાઓ માટે આતુર છું. આપણા દેશો વૈશ્વિક કલ્યાણ માટે સાથે મળીને કામ કરતા રહેશે.




# TRP ગેમ ઝોનના સંચાલકો પાસેથી લાંચ લીધી હોવાનું સાગઠીયાએ કબુલ્યું

। (એજન્સી) રાજકોટ, તા.૧૦ ।

૨૭ - ૨૭ નિર્દોષ લોકોનો ભોગ લેનાર રાજકોટ TRP ગેમ ઝોન અગ્નિકાંડ પાછળ મુખ્યત્વે ભ્રષ્ટાચાર જ કારણભુત હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. એન્ટી કરપ્શન બ્યુરો સમક્ષ પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાએ કબૂલ્યું છે કે તેણે લાંચ લઈ ટીઆરપી ગેમ ઝોનનું ગેરકાયદે બાંધકામ તોડયું ન હતું તેમ એસીબીના એક અધિકારીએ નામ નહીં લખવાની શરતે જણાવ્યું હતું. સાથો-સાથ એમ પણ કહ્યું કે મનસુખ સાગઠિયાએ અનેક પ્લાન પાસ કરી ભ્રષ્ટાચાર કર્યાનું પણ સ્વીકારી લીધું છે.

૨૦૨૧માં ટીઆરપી ગેમ ઝોન નાના પાયે શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદના વર્ષોમાં વધુને વધુ ગેરકાયદે બાંધકામ કરી તેને મોટા પ્રમાણમાં શરૂ કરવામાં આવ્યો હતો. જે-તે વખતે મનપાની ટીપી શાખાએ તેનું ગેરકાયદે બાંધકામ તોડી પાડવા માટે નોટીસ આપી હતી. પરંતુ પછીથી કોઈ કાર્યવાહી કરી ન હતી.

આખરે આ ગેરકાયદે બંધાયેલા ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડમાં બાળકો સહિત ૨૭ નિર્દોષ લોકોનો ભોગ લેવાયો હતો. તે સાથે જ ટીપીઓ મનસુખ સાગઠિયાએ ગેરકાયદે બાંધકામ કેમ તોડયું ન હતું તેની પાછળના કારણો અંગે તરેહ-તરેહની ચર્ચાઓ થતી હતી. આ માટે ભ્રષ્ટાચાર કારણભુત હતો કે નેતાઓની ભલામણ તે બાબતે તર્ક-વિર્તકો થતા હતા.

જો કોઈ નેતાની ભલામણ હતી તો તેનું નામ શું છે અગર તો લાંચ લીધી હતી તો કેટલી તે બાબતેના કોઈ ખુલાસા અત્યાર સુધી થયા ન હતા કે પછી તપાસનીશો દ્વારા જાહેર કરાયા ન હતા. કરોડોની અપ્રમાણસર મિલકતના ગુનામાં એસીબી પાસે ૬ દિવસના રિમાન્ડ પર રહેલા સાગઠિયાએ આખરે કબૂલ્યું હતું કે તેણે ટીઆરપી ગેમઝોનનું ગેરકાયદે બાંધકામ લાંચ લઈને તોડયું ન હતું. જોકે તેણે આ માટે કેટલી લાંચ લીધી તે અંગે એસીબીના અધિકારીઓએ ખુલાસો કરવાનું હાલ ટાળ્યું છે. એસીબીની તપાસમાં થયેલા આ ખુલાસાથી સ્પષ્ટ થયું છે કે જો જે-તે વખતે જ ટીઆરપી ગેમ ઝોનનું ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યું હોત તો કદાચીત ૨૭ નિર્દોષ લોકોનો ભોગ ન લેવાત. એટલું જ નહીં એસીબી સમક્ષની સાગઠિયાની બીજી કબુલાતથી પણ સ્પષ્ટ થઈ ગયું છે કે તેણે મનપામાં મોટાપાયે, પેટભરીને કરોડોનો ભ્રષ્ટાચાર કર્યો હતો.

એટલું જ નહીં તેના ભાઈની ઓફિસમાંથી એસીબીને ૧૫ કરોડની કિંમતનું ૨૨ કિલો સોનું અને ૩ કરોડની રોકડ મળી કુલ રૂપિયા ૧૮ કરોડથી વધુની મત્તા મળી હતી, તે પણ ભ્રષ્ટાચારની જ હોવાનું પણ સાગઠિયાએ કબૂલી લીધું છે. એટલે કે સોનાના દાગીના ભ્રષ્ટાચારની રકમમાંથી જ ખરીદવામાં આવ્યા હતા. જયોરે ૩ કરોડની રોકડ રકમ પણ ભ્રષ્ટાચારની જ હતી તેવો ખુલાસો પણ એસીબીની તપાસ પરથી થયો છે. એસીબીના અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે સાગઠિયાએ કોની-કોની પાસેથી લાંચની રકમ લીધી તેનો ખુલાસો કર્યો નથી અને તે બાબતેના હવે કોઈ પુરાવા મળશે કે કેમ તે પણ મોટો સવાલ છે. સાગઠિયાના કાર્યકાળ દરમિયાનની તમામ ફાઈલો એસીબીએ મંગાવી સાગઠિયા સાથે ભળેલા બિલ્ડરો અને આર્કિટેકટોની ઊંઘ હરામ થશે, નેતાઓને આંચ આવશે કે કેમ તે પ્રશ્ન હજુ અનુત્તર રાજકોટ પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાએ ટાઉન પ્લાનીંગ શાખામાં રહી કરોડોનો ભ્રષ્ટાચાર આચર્યાની એસીબી સમક્ષ કબૂલાત આપતા જ એસીબીએ આ દિશામાં હવે તપાસ શરૂ કરી છે. જેના ભાગરૂપે સાગઠિયાએ તેના કાર્યકાળ દરમિયાન ખરેખર કેટલા પ્લાન (ફાઈલો) મંજુર કર્યા હતા, કેટલી ફાઈલોનો તાત્કાલીક નિકાલ કર્યો હતો, કેટલી ફાઈલો પેન્ડીંગ રાખી હતી, કેટલી ફાઈલો રિજેકટ કરી હતી તેની માહિતી એસીબીએ મનપાની કચેરીમાંથી મંગાવી છે.

## ગોરવા મધુનગરના બ્રિજ પરનો વાહન વ્યવહાર હાલ બંધ રહેશે

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।

મુંબઈ અમદાવાદ હાઈસ્પીડ રેલવે પ્રોજેક્ટને અનુલક્ષીને ગોરવા મધુનગરના બ્રિજ પરનો વાહનવ્યવહાર તા.૧૧ થી ૧૭ જુલાઈ સુધી બંધ રહેશે. પોલીસ કમિશનરે આ અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરી કહ્યું છે કે,મધુનગર બ્રિજથી છાણી તરફ જવાના વાહનો મધુનગર ચારરસ્તાથી ગોરવા બાપુ ની દરગાહ ત્રણ રસ્તા, અમરકાર ત્રણ રસ્તા ગેંડા સર્કલ,પંડયા બ્રિજ ફતેગંજ સર્કલથી નિઝામપુરા ધરમપુરી સર્કલ થી જમણી બાજુ ચિસ્તીયા નગરથી ડાબી બાજુ થઈ નવાયાર્ડ ફુલવાડી તરફ અવર જવર કરી શકશે. જ્યારે, નવાયાર્ડ ફુલવાડી ચાર રસ્તાથી ફતેગંજ સર્કલ અને છાણી જકાતનાકા સર્કલ તરફ જતા વાહનો ચિશ્તીયા નગર ત્રણ રસ્તાથી જમણી બાજુ,ફતેગંજ પોલીસ સ્ટેશન, પંડયા બ્રિજ નીચેથી જઇ શકશે. આવી જ રીતે ફુલવાડી ચાર રસ્તાથી ચિસ્તીયાનગર ત્રણ રસ્તાથી ડાબી બાજુ થઇ છાણી જકાત નાકા સર્કલ તરફ જઈ શકશે

## કતારગામમાં એક બાળકી મકાનમાં બંધ થઈ જતા ભાગદોડ મચી ગઈ

। (એજન્સી) સુરત,તા.૧૦ ।

સુરતના કતારગામમાં એક બાળકી મકાનમાં બંધ થઈ જતા ભાગદોડ મચી ગઈ હતી. કતારગામમાં આવેલા કુબેરનગરમાં આ બનાવ બન્યો હતો. જેમાં એક બાળકી મકાનમાં બંધ થઈ ગઈ હતી. આ બાળકીએ ભૂલથી મકાનનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. જેને કારણે બાળકી મકાનમાં ફસાઈ ગઈ હતી. આ અંગે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જેને પગલે ફાયર કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બાદમાં ફાયરના કર્મચારીએ દરવાજો તોડીને બાળકીને સલામત રીતે બહાર કાઢી હતી.

## મર્ડર કેસમાં સજા ભોગવતી મહિલાનું સારવાર દરમિયાન મોત

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।

વડોદરા,મર્ડર કેસની સજા ભોગવતી મહિલાની તબિયત બગડતા સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેઓનું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું છે. નર્મદા જિલ્લાના ગરૃડેશ્વર ગામે કોયારી ફળિયામાં રહેતા મંજુલાબેન હીરાભાઈ તડવી (ઉં.વ.૫૪) ની સામે વર્ષ - ૨૦૦૪ માં ગરૃડેશ્વર પોલીસ સ્ટેશનમાં મર્ડરનો ગુનો દાખલ થયો હતો. તે કેસ ચાલી જતા રાજપીપળા સેશન્સ કોર્ટે આરોપીને કસુરવાર ઠેરવી સપ્ટેમ્બર - ૨૦૨૩

### ખંડણી માંગવાનો કિસ્સો સામે આવ્યો

## આણંદમાં ગણેશ ચોકડીના વેપારીને ધમકી આપી રૂ. ૨૫ હજારની ખંડણી માંગી

। (એજન્સી) આણંદ,તા.૧૦ ।

આણંદ શહેરના ગણેશ ચોકડી પાસે અમૂલ પાર્લર ચલાવતા એક યુવાનની દુકાને જઈ તથા બે થી ત્રણ વખત ફોન કરી હું આણંદનો ડોન છું. તેમ કહી એક શખ્સે રૂ. ૨૫,૦૦૦ ની માંગણી કરી હતી. જેથી ગભરાઈ ગયેલા યુવાને ગઈકાલે આ અંગે આણંદ શહેર પોલીસમથકે પોતાની ફરિયાદ નોંધાવી છે.આણંદ શહેરના ગણેશ ચોકડી પાસે આવેલી દેવ શિખર કોમ્પલેક્ષમાં હિતેશભાઈ લક્ષ્મણભાઈ ઠક્કર નામનો ૨૮ વર્ષનો નામનો યુવાન રહે છે. જે મંગળપુરા રોડ પર અમૂલ પાર્લર નામનો પ્રોવિઝન સ્ટોર્સ ચલાવે છે. ગત તા.૨૮ના જુનના રોજ તેમની ઉપર ઉપરાઉપરી ફોન આવ્યા હતા. અને જણાવતા હતા. હું વિકાસ ફટાણીયા બોલું છું. તેમ કહી ધાકધમકીઓ આપી કહેતા હતા. મને રુ. ૨૫ હજાર આપવા પડશે. નહી તો હું તને મારી નાંખીશ. તેવી ધમકીઓ આપી ગાળો બોલતા હતા. આ દરમિયાન તા.૩૦ના રોજ ફરી હિતેશભાઈ ઉપર ફોન આવ્યો હતો. અને કહ્યું હતું. હું ફટાણીયા બોલું છું તેમ કહ્યું હતું. એટલે હિતેશે ફોન કાપી નાંખ્યો હતો. ત્યારપછી ફરી ફોન આવતા હિતેશે કહ્યું તમે મારી પાસે પૈસા કેમ માંગો છો. ત્યારે તેણે કહ્યું તારે પૈસા તો આપવા જ પડશે. ગત તા.૬ જુલાઈના રોજ બપોરે દોઢ વાગે હિતેશ અને તેના પિતા લક્ષ્મણભાઈ ઠક્કર દુકાન પર હાજર હતા. તે વખતે એક વ્યક્તિ આવ્યો હતો. અને કહેવા લાગ્યો. તમને હું વારંવાર ફોન કરુ છું. તેમ છતાંયે તમે મારા માંગ્યા મુજબના રૂપિયા કેમ આપતા નથી. તમને મારો ડર નથી. હું આણંદનો દાદો (ડોન) છું. મારુ નામ વિકાસ ફટાણીયા છે. તેની સાથે બીજો એક અજાણ્યો માણસ પણ આવ્યો હતો. આ પૈકી વિકાસ ફટાણીયાએ હિતેશને કહ્યું હતું. તું કેમ મને રૂપિયા આપતો નથી. તેમ કહી ગાળો બોલવા લાગ્યો હતો. એટલે હિતેશે ગાળો બોલવાની ના પાડી ત્યારે તે ઉશ્કેરાઈ જઈ કહેવા લાગ્યો હતો. હવે જો તું મારા માંગ્યા મુજબના રૂપિયા નહીં આપે તો તારે જિંદગીથી હાથ ધોવા પડશે. અને હું તારી દુકાન પણ તોડી નાંખીશ. એટલે હિતેશે કહ્યું તમે મારી પાસે શાના રૂપિયા માંગો છો. ત્યારે તેણે કહ્યું તારે આણંદમાં ધંધો કરવો હોય તેમજ રહેવું હોય તો મને રૂપિયા આપવા પડશે.

### અમદાવાદમાં લૂંટનો બનાવ બનતા ચકચાર

## અમદાવાદમાં એલિસબ્રિજ જિમખાના પાસે આંગડિયા કર્મીને ધોળે દિવસે લૂંટી લીધો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદમાં લૂંટનો બનાવ બનતા ચકચાર મચી ગઈ છે. શહેરના એલિસબ્રિજ વિસ્તાપરમાં લૂંટનો આ બનાવ બન્યો હતો. જેમાં આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી ૬૫ લાખ રૂપિયાની લૂંટ ચલાવવામાં આવી હતી.આ બનાવની વિગત મુજબ અમદાવાદના એલિસબ્રિજ જિમખાના પાસે લૂંટની આ ઘટના બની હતી. જેમાં આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી રૂપિયા ૬૫ લાખની લૂંટ કરવામાં આવી હતી. લૂંટારાઓએ ઓટોરિક્ષામાં જઈ રહેલા આંગડિયા પેઢીના કર્મચારીને મરચાંની ભૂકી છાંટીને તેમને ધોળે દિવસે લૂંટી લીધો હતો. આર. કાંતિલાલ આંગડિયા પેઢીના માલિક અશોક પટેલનું કહેવું છે કે, આર. કાંતિલાલ આંગડિયા પેઢીના બે માણસ બાબુભાઈ મફતભાઈ પ્રજાપતિ અને મનોજભાઈ બાબુભાઈ પટેલ જમાલપુર એપીએમસીથી ૬૫ લાખ રૂપિયા રિક્ષામાં લઈને અમારી ઓફિસ આર. કાંતિલાલ આંગડિયા ખાતે આવી રહ્યા હતા, દરમિયાન અચાનક જલારામ મંદિરથી આગળ જિમખાનાની સામે બાઈક પર બે શખસ છરી અને એરગન લઈને આવી ગયા



હતા. અશોક પટેલે આગળ જણાવ્યું કે, છરીને આવેલા આ શખ્સોએ રિક્ષા ઉભી રખાવીને આર. કાંતિલાલ આંગડિયા પેઢીના બન્ને માણસની આંખમાં મરચાંની ભૂકી નાખીને રિક્ષામાં બેસેલા બંને માણસોને ઉપર છરી વડે અને એરગન વડે હુમલો કરી લોહીલુહાણ કરી લૂંટી લીધા હતા. અમારા બન્ને કર્મચારી બપોરે એપીએમસીથી નીકળ્યા હતા. ઈસ્કોન આર્કેડ, સીજી રોડ પોતાની આંગડિયા પેઢી તરફ જતી વખતે ૩.૨૦ વાગ્યે એલિસબ્રિજ જિમખાના સામે બાઈક ઉપર આવેલા બે શખસે ૬૫ લાખની લૂંટ કરી હતી.

### ૧ હજાર હોટલ-રેસ્ટોરન્ટ બંધ

## રાજકોટમાં અગ્નિકાંડ બાદ RMCની સીલ કરવાની કામગીરી સામે વિરોધ

। (એજન્સી) રાજકોટ, તા.૧૦ ।

શહેરમાં TRP ગેમ ઝોનમાં અગ્નિકાંડ બાદ મહાનગર પાલિકાએ હોટલ અને રેસ્ટોરન્ટ પાસે ફાયર NOC અને BU પરમિશન નથી તેને સીલ કરવાની કામગીરી શરૂ કરી છે. જેને કારણે અનેક લોકોના ધંધા રોજગારને અસર પહોંચી છે. આજે રાજકોટ હોટેલ સંચાલક એસોસિયેશન દ્વારા બંધ પાળવામાં આવ્યો છે. શહેરની એક હજાર જેટલી હોટેલ, રેસ્ટોરન્ટ, બેંક્વેટ હોલ, પાર્ટી પ્લોટ બંધ રાખવામાં આવ્યાં છે. તે ઉપરાંત રાજકોટ હોટલ સંચાલક એસોસિયેશનના પ્રમુખ મેહુલ પટેલે સીલ ખોલવા માટે RMCના અધિકારીએ રૂ. ૫ લાખની ખંડણી માંગી હોવાનો આક્ષેપ કર્યો છે. રાજકોટ હોટેલ સંચાલક એસોસિયેશનના પ્રમુખ મેહુલ પટેલે મીડિયાને જણાવ્યું હતું કે, આજે રાજકોટમાં એક હજાર જેટલી હોટેલ, રેસ્ટોરન્ટ, બેંક્વેટ હોલ, પાર્ટી પ્લોટ બંધ રાખવામાં આવ્યાં છે. અત્યારે જ ફાયર એનઓસી અને BU પરમિશન માગવામાં આવે છે. અત્યાર સુધીમાં ૬૦૦ જેટલી પ્રોપર્ટી સીલ કરવામાં આવી છે. જે પ્રોપર્ટી સીલ કરવામાં આવી છે ત્યાં રૂ. ૫-૫ લાખના હપ્તા માગવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકાના નામે એક અધિકારી રૂ. ૫ લાખના હપ્તા માગતા હતા. જેમનું નામ અમીષાબેન હોવાનું તેમણે જણાવ્યું હતું. આ વ્યક્તિ ઈસ્ઝમાં અરજી કરે છે અને તેના આવેદન બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા સીલ મારવામાં આવે છે.

## વ્યાજખોરોએ કિંમતી જમીન પડાવી બારોબાર વેચી નાખી

। (એજન્સી) રાજકોટ, તા.૧૦ ।

રાજયભરમાં વ્યાજખોરો વિરૂધ્ધ પોલીસે ઝુંબેશ શરૂ કરી છે. જેના ભાગરૂપે રાજકોટમાં લોક દરબાર યોજાયો હતો. તેમાં પોલીસને મળેલી અરજીઓનો તાત્કાલીક નિકાલ કરવાની પોલીસ કમિશનરની સુચના બાદ હવે ગુના દાખલ કરવાનું શરૂ કરાયું છે. જેના પગલે છેલ્લા ૨૪ કલાકમાં વ્યાજખોરીની ચાર ફરિયાદો નોંધાઈ છે.લોકદરબાર બાદ વધુ અરજીઓ પોલીસને મળી છે. રાજકોટના સાઈબાબા સર્કલ પાસે આસોપ ાલવ સોસાયટીમાં રહેતા દર્પણભાઈ હંસરાજભાઈ પાનસુરીયા (પટેલ)(ઉ.વ.૨૪)એ પોતાની ફરિયાદમાં અલ્પેશ દોગા,ધમભા ગોહિલ અને ગંભીરસિંહ રેવરનું નામ આપ તા તમામ સામે મનીલેન્ડ એકટ અને બળજબરીથી પડાવી લેવા અંગેની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. દર્પણભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,તેઓ કારખાનામાં મજૂરી કામ કરે છે અને તેમણે ૨૦૨૧માં અલ્પેશ દૂંગા પાસેથી ધંધાના કામે વ્યાજે રૂપિયા દસ લાખ ત્રણ ટકા લેખે લીધા હતા.તેમના બદલામાં લીલી સાજડીયાળી ગામની બે એકર જમીનનો રજીસ્ટર દસ્તાવેજ અલ્પેશભાઈના કહેવાથી વિજયભાઈ રામાણીના નામે કરી આપ્યો હતો.તેમજ નાણાં પરત આપ્યા બાદ દસ્તાવેજ ફરિ તેમના નામે કરી આપવાની વાત થઈ હતી. ૪ એપ્રિલના રોજ ૧૦ લાખ પરત આપવાનું કહેતા તેમણે રૂ.૨૫ લાખની ઉઘરાણી કરી હતી અને અને બાદમાં ૨૦ લાખમાં છેલ્લે નક્કી થયું હતું.પરંતુ પૈસા ની સગવડ ન થતા પૈસા આપ્યા નહોતા.તેમજ સગા સંબંધીઓ પાસેથી ઉછીના લીધેલા નાણા પરત કરવા ૨૦૨૨માં ધમભા ગોહિલ નામના વ્યક્તિ પાસેથી ૩૫ લાખ રૂપિયા ત્રણ ટકા લેખે એક વર્ષ માટે વ્યાજે લીધા હતા.તેમજ ગંભીરસિંહ રેવર પાસેથી રૂપિયા એક વર્ષ માટે ૧૩ લાખ વ્યાજે લીધા હતા.બાદમાં તેમને ખબર પડી કે દર્પણ પર દેણું થઈ ગયું છે.ત્યારબાદ તેમણે રાજદીપસિંહના નામે પંદર લાખ હાથ ઉછીનાનું લખાણ કરાવી લીધું હતું.

### આંગણવાડીમાં ૪ સોસાયટીનાં બાળકો આવે છે

## વિજયનગરની આંગણવાડીમાં દારૂ-બિયરની ખાલી બોટલો જોવા મળી

। (એજન્સી) ઉધના,તા.૧૦ ।

ઉધનાના વિજયનગરની આંગણવાડીમાં દારૂ-બિયરની ખાલી બોટલો જોવા મળી હતી. એકબાજુ નાનાં ભૂલકાઓ અહીં આવીને મા સરસ્વતીની વંદના કરે છે, અભ્યાસ કરે છે, ત્યાં બીજી બાજુ અહીં દારૂ-બિયરની ખાલી બોટલો જોવા મળી રહી છે. દારૂની પોટલી, દારૂની બોટલ અને બિયરના ટીન જોઈને ચોક્કસથી કહી શકાય કે, અહીં રાત્રિના સમયે કઈ રીતે અસામાજિક તત્ત્વો આવે છે અને દારૂની મહેફિલ કરે છે. આંગણવાડી નંબર ૨૯ કૈલાસનગરમાં દારૂ-બિયરની બોટલનાં દૃશ્યો અંગે આંગણવાડીના સુપરવાઈઝર રત્નાબેને જણાવ્યું હતું કે, આ પ્રવૃત્તિ અંગે ઉધના પોલીસ મથકમાં ફરિયાદ પણ કરવામાં આવી હતી. અહીં સુરક્ષા માટે કોઈ ગાર્ડ નથી. અમે અહીં આંગણવાડી બંધ કરીને નીકળી જતા હોઈએ છીએ, ત્યારબાદ રાત્રે કોણ આવે છે. આ અંગે અમને ખબર નથી. સ્થાનિક રાવ સાહેબ ગીરાશે જણાવ્યું હતુ કે, આ આંગણવાડીમાં ૪ સોસાયટીનાં બાળકો આવે છે. અહીં સુરક્ષા માટે કોઈ ગાર્ડ નથી. સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી છે. તેમ છતાં રજૂઆત સાંભળવામાં આવતી નથી. જોકે, સમગ્ર મામલે સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત આંગણવાડી સુરક્ષાને લઈ પણ અનેક પ્રશ્નો ઊભા થાય છે. રાત્રિસમયે કઈ રીતે અહીં લોકો આવીને દારૂની મહેફિલ માણી રહ્યા છે. તંત્ર શું કાર્યવાહી કરશે આ મોટો પ્રશ્ન છે. ઉલ્લેખનીય છે કે, ૫૦ મીટરની આસપાસ જ ઉધના પોલીસ ચોકી આવી છે. તેમ છતાં અહીં કઈ રીતે અસામાજિક તત્ત્વો બેફામ દારૂની મહેફિલ માણી રહ્યા છે.

### પુત્રએ માતાને છરીઓના ઘા ઝીંક્યા

## પુત્ર જ બન્યો માતાનો હત્યારો, પછી પોતે પણ આત્મહત્યા કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૦ ।

છેલ્લા થોડા સમયથી રાજ્યમાં પોતાના લોહીના સગા દ્વારા જ પોતાનાઓની હત્યાના કિસ્સાઓ વધી રહ્યાં છે. થોડા દિવસો અગાઉ અંકલેશ્વરમાં પુત્રએ માતાની હત્યા કરી નાંખી હતી. અમદાવાદમાં પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. વધુ એક વાર શહેરમાં પોતાના પરિવારના હાથે ગુનાખોરીનો મોટો બનાવ બન્યો છે. પાલડીના મહાલક્ષ્મી ફ્લેટમાં GLS કોલેજના પ્રોફેસર મૈત્રેય ભગતે પોતાની સગી માતાની છરીથી હત્યા કરી નાંખી હતી. પછીથી તેણે પોતે પણ આપઘાત કરી લેતા ચકચાર મચી હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લા થોડા સમયથી સમગ્ર દેશમાં પોતાના સગાઓ દ્વારા જ પોતાનાઓની હત્યા કરવાના કિસ્સાઓ વધી રહ્યાં છે. પડોશીઓએ જાણ કરતાં પોલીસ મહાલક્ષ્મી ફ્લેટમાં આવી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. પાડોશીઓનું કહેવું હતું કે પ્રોફેસર મૈત્રેય ભગત દરરોજ વહેલી સવારે નોકરી પર જાય છે પરંતુ બુધવારે સવારે દરવાજો બંધ હોવાથી શંકાને આધારે પોલીસને જાણ કરી અને પોલીસ આવીને કોઈક રીતે દરવાજો ખોલ્યો ત્યારે માતા અને પુત્રની લાશ મળી આવી હતી. આ પછી એફએસએલ ટીમને પણ ઘટના સ્થળે બોલાવાઈ હતી.

ઘરમાં ફક્ત માતા-પુત્ર જ રહેતા હતા. પાડોશીઓનું કહેવું હતું કે પ્રોફેસર થોડા સમયથી ડીપ્રેશનમાં રહેતાં હતા. જોકે તપાસમાં હત્યા-આપઘાતનું સાચું કારણ સામે આવશે. માતાની હત્યા કરીને આપઘાત કરનાર પ્રોફેસર મૈત્રેય ભગત (૪૨ વર્ષ) GLS કોલેજમાં ઈકોનોમિકસ વિભાગનાં પ્રોફેસર હતા.

## બનાસકાંઠાના દાંતામાં સરકારી અનાજમાં જીવાત નીકળી હોવાનું સામે આવ્યું

। (એજન્સી) બનાસકાંઠા,તા.૧૦ ।

બનાસકાંઠાના દાંતામાં સરકારી અનાજમાં જીવાત નીકળી હોવાનું સામે આવ્યું. દાંતાની સરકારી શાળામાં જીવાત નીકળતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી બનાસકાંઠાના દાંતામાં સરકારી અનાજમાં જીવાત નીકળી હોવાનું સામે આવ્યું. દાંતાની સરકારી શાળામાં જીવાત નીકળતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી. મંડાલી શાળાને અપાયેલા ચણામાં જીવાત નીકળી હોવાનો વિડીયો વાયરલ થયો છે. શાળામાં અપાતા મધ્યાહન ભોજન માટે અપાયેલા ચણામાં જીવાત નીકળી. સરકાર દ્વારા અપાતી મધ્યાહન ભોજનની ચણા દાળમાં ભારે માત્રામાં જીવાત નીકળી. જાણકારી મુજબ તાલુકાના તમામ મધ્યાહન કેન્દ્રોમાં સરકાર તરફથી અપાતા સીધા સામાનમાં જીવાત જોવા મળી. મધ્યાહન ભોજન સરકાર તરફથી આપવામાં આવે છે. સરકાર તરફથી મોકલવામાં આવતું સીધું સામાન હલકી ગુણવત્તા વાળું હોવાનું આ ઘટના બતાવે છે. સરકારીઅધિકારીઓએ શાળામાં મોકલાતા સીધા સામાનમાં કવોલિટી મામલે કેમ સમાધાન કર્યું. શા માટે હલકી ગુણવત્તાવાળો સામાન મોકલવામાં આવ્યો? નાના બાળકોના આરોગ્ય સાથે સરેઆમ ચેડા થતા જોવા મળી રહ્યા છે.

## અમદાવાદથી ચોરાયેલી રિક્ષા સાથે જૂના ડીસાથી LCBએ એકને ઝડપ્યો

। (એજન્સી) પાલનપુર,તા.૧૦ ।

ડીસા તાલુકાના જૂના ડીસા નજીકથી બનાસકાંઠા એલસીબીએ શંકાસ્પદ જણાતી ઓટોરિક્ષાને રોકી તપાસ હાથ ધરી હતી. જેમાં આ રિક્ષા અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાંથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. આથી પોલીસે બેચરાજીના મંડાલી ગામના યુવકને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠા એલસીબી પી.આઈ વિ.જી.પ્રજાપતી, પીએસઆઈ એમ.કે. ઝાલા, પી.એલ. આહિર, એસ.જે.પરમારના માર્ગદર્શન મુજબ સ્ટાફ ડીસા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તરમાં પેટ્રોલીગમાં હતા તે સમયે જૂના ડીસા હાઈવે ઉપર વાહન ચેકિંગ સમયે એક વ્યકિત એક સીએનજી ઓટો રિક્ષા જેની



આગળ પાછળ નંબર પ્લેટ ન હતી તે મળી આવતાં તેની પાસે રિક્ષા ના માલિકી બાબતના આધાર પૂરાવા માંગતા તેની પાસે ન હોવાનું જણાવતા તેની યુક્તિ –પ્રયુક્તિથી પૂછપરછ કરતાં વ્યકિતએ તેના કબજામાં રહેલી ઓટો રિક્ષા એક દિવસ અગાઉ અમદાવાદના ચાંદલોડીયા વિસ્તારમાંથી કોઈ સોસાયટીમાંથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. જેથી સીએનજી ઓટો રિક્ષા જેના ચેચીસ નંબર તથા એન્જિન નંબર અને અલગ અલગ રીતે ખાત્રી કરી અને રિક્ષાની અંદાજે કિં. રૂ. ૧,૦૦,૦૦૦ની કબજે કરી ચિરાગકુમાર બાબુભાઈ મિસ્ત્રી (રહે. મિસ્ત્રીવાસ, મંડાલી, તા. બેચરાજી, જિ.મહેસાણા) સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દેવગઢ બારીઆના નાડાતોડ ગામેથી રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૦ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જીલ્લા પોલીસ વડા ની સૂચના થી દેવગઢ બારીઆ તાલુકા સાગટાડા પોલીસ સ્ટેશન વિસ્તાર ના નાડાતોડ ગામ ના રહેણાંક મકાન માં વિદેશી દારૂ છુંપાવેલ છે તેવી બાતમી પી.એસ.આઈ જી.કે.ભરવાડ સાહેબ ને મળી હતી જે બાતમી મળી હતી તેના આધારે પોલીસ સ્ટાફ સાથે રાખી રેડ કરતા રહેણાંક મકાનમાંથી ભારતીય બનાવટ ના વિદેશી દારૂ માં કોટર બિયર અને પ્લાસ્ટિક ના કોટર ૫૦૪ નંગ તથા મોબાઈલ સાથે ૭૫૮૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડેલ જેમાં આરોપીઓ માં નાડાતોડ ગામ ના સુરેશભાઈ ભાવશિંગભાઈ સુથાર..વિનોદભાઈ પારર્શિંગભાઈ રાઠવા... છોટાઉદેપુર જિલ્લા ના મિઠીબોર ગામ ના સુરેશભાઈ કાળુભાઈ રાઠવા ઝડપી પાડેલા આ ત્રણ આરોપી માં એક ભાગી ગયેલ જેમાં પી. એસ.આઈ સાથે



રેડમાં હિરેન્દ્રસિંહ પ્રવિણસિંહ સોલકી છજીં, સુરેશભાઈ રયજીભાઈ...પો.કો., શૈલેષભાઈ ભેમાભાઈ.... પો.કો, કલ્પેશભાઈ જશવંતભાઈ..પો.કો, રાહુલભાઈ મહેન્દ્રભાઈ.. પો.કો, અજાભાઈ ગણેશભાઈ...પો.કો.. ના ઓ સાથે મળી દારૂ તથા આરોપી ને ઝડપી પાડેલ અને પોલીસે તપાસ કરી આગળ ની કાર્યવાહી હાથ ધરેલ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨